॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


# ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

**–'મા' સર્વેશ્વરી**

## ॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥

## ॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

'અધ્યાત્મ'ની અક્ષરયાત્રા કરતાં-

"કાગળ માને હું છું દેવ, પેન માને હું સ્વામી
'અધ્યાત્મ' માને હું છું દેવ, હસે 'અંતર્યામી'.★"

★ રથયાત્રા લોકસમૂહ મહાધૂમધામ
ભક્તો આળોટી પથે કરે છે પ્રણામ
પથ માને હું છું દેવ, રથ માને હું સ્વામી
મૂર્તિ માને હું છું દેવ, હસે અંતર્યામી.
—કવિવર રવીન્દ્રનાથ ટાગોર



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧ | 'શ્રી યોગેશ્વર-કથામૃત' | 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨ | શ્રી યોગેશ્વરજીનો અક્ષરવૈભવ | ડૉ. અરુણા ઠાકર | ૧૧ |
| ૩ | શ્રી યોગેશ્વરજીનું નિર્ભ્રાન્ત દર્શન | સંકલન | ૨૦ |
| ૪ | 'મા' સર્વેશ્વરીની સંનિધિ | તરલા દેસાઈ | ૨૨ |
| ૫ | 'મને તો ગુરુમુખી બનાવો' | તંત્રી | ૨૬ |
| ૬ | કબીર એટલે કબીર | પ્રૉ.ટી.વાય.દેસાઈ | ૨૮ |
| ૭ | શ્રી રમણની વિરોધી સાધુઓ પરત્વે ઉદાસીનતા | 'અરુણાચલના સંત' | ૩૧ |
| ૮ | ધર્મ અને અધ્યાત્મ | વિમલા ઠકાર | ૩૫ |
| ૯ | દૈવી શક્તિનું અવતરણ | ડૉ. દીપક પંડ્યા | ૪૦ |
| ૧૦ | શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૪૪ |
| ૧૧ | ગંગાસતીનું જીવન અને કવન | નીપા ભટ્ટ | ૫૧ |
| ૧૨ | કેવળ પ્રભુ | દયામાતા (અનુવાદ) | ૫૫ |
| ૧૩ | એક ઝેનકથા | સંકલન : નીલરત્ન દેસાઈ | ૫૮ |
| ૧૪ | OM MAA | Moksh D. DESAI | 60 |
| | સત્સંગી જયશ્રીબહેનનો દેહવિલય | | ૬૩ |

# ॥ નિવેદન ॥

'હું અયોગ્ય છું, બાળમતિ-બાળબુદ્ધિ-પ્રાકૃત છું પરંતુ મારા શિરે સમર્થ નિવૃત્તિનાથનો હાથ છે. બહારથી મારા મસ્તક પર હાથ મૂક્યો છે ને અંદર મારા હૃદયમાં પ્રવેશ કરીને પ્રતિષ્ઠિત થઈ ગયા છે. મારા ગુરુ કેવળ બહાર નથી, અંદર પણ છે. દેહથી બહાર છે, તત્ત્વથી અંદર છે. એટલે ગીતાનો અર્થ લખવા બેઠો છું.

આજ્ઞા આપનારનું દાયિત્વ હોય છે જે હૃદયમાં પ્રવેશ કરીને આજ્ઞાપાલનનું બળ પણ આપે. આજ્ઞામાં કયું કર્મ કરવું, ક્યાં કરવું, કેવી રીતે કરવું એનું દિગ્દર્શન મળે છે અને ભીતરથી બળ મળે છે.

હું ગમે એટલો અનધિકારી હોઉં, એની કોઈ ચિંતા નથી. આ મારા ગુરુનો આદેશ છે જેથી હું એમની સમાન થઈ જાઉં છું.

જેના શિરે વરદ હસ્ત હોય, હૃદયમાં પ્રવેશ કરીને સર્વને ગમતું સિદ્ધ કરાવે એમાં કંઈ નવાઈ છે ?

ગુરુ સ્વયંભૂ છે, જેમાં અવિદ્યા-અજ્ઞાનનું નિરાકરણ થયું છે, જે આત્મપ્રતિષ્ઠ છે, જે વિશ્વને પણ આત્મારૂપે જ જુએ છે; આવા ગુરુપદમાં શ્રદ્ધા રાખીને, એમની પ્રાણપ્રતિષ્ઠા કરી છે. એને એટલું જ પ્રાર્થું : 'આ કાગળ કોરો, ખાલી મંદિર છે શ્રદ્ધાના મૂર્ત શબ્દને તમે એમાં મૂકો અર્થાત્ સ્વયં પ્રતિષ્ઠિત થાઓ.'

—જ્ઞાનેશ્વર



# ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૩**
**તા. ૮-૧-૮૩, શનિવાર, માગશર વદ દશમ ૨૦૩૯**
**લેનેશિયા પ્રિટોરીઆ**

સવારે નિયમિત ક્રમ રહ્યો : સ્નાન, વ્યાયામ, મંત્રજપ ને લેખન. દૂધ પીવું એ ક્રમ પણ અતિનિયમિત.

બપોરે ખીચડીનું ભોજન બનાવી લીધું. સાથે મકાઈ પણ બાફી, જે ભોજન સાથે લીધી.

ભોજન બાદ મુલાકાતનો સમય થઈ જતાં બેઠક ખંડમાં ગયાં. બે અલગ સોફા હતાં. વચ્ચે ટેબલ હતું. અમે બેઠક લીધી એટલે સૌ મુલાકાતીઓ વારાફરતી ઊભા થઈને, નજીક આવી ઘૂંટણીએ પડીને નમસ્કાર કર્યા.

આજે શરૂઆતમાં પોણો કલાક ગુજરાતીમાં જ પ્રશ્નોત્તરી થઈ.

પ્રશ્નો:

મરણ પછી શ્રાદ્ધ કરવું જોઈએ?

શ્રાદ્ધ ક્રિયામાં ફાનસ વગેરે બિનજરૂરી વસ્તુઓ પણ મુકાવે છે તે મૂકવી જોઈએ?

ગરીબો સમાજમાં પ્રતિષ્ઠા ખાતર શ્રાદ્ધનો મોટો ખર્ચ કરતાં જણાય છે, તો શું તે યોગ્ય છે?

એ બધી ક્રિયાઓ મૃતાત્માને પહોંચે છે?

મૃતાત્માની શાંતિ માટે બીજો કોઈ માર્ગ છે ખરો?

કાગવાસ નાખવા પાછળ શું રહસ્ય છે?

પૂ.શ્રીએ આ બધા જ પ્રશ્નોની છણાવટ કરી. પૂ.શ્રીએ જે કહ્યું તે ટૂંકમાં નીચે મુજબ હતું.

મરણ પાછળની ક્રિયા ખોટી નથી. તે કરવી જોઈએ. પણ તેનું સ્વરૂપ બદલવું જોઈએ. જેમ કે, આપણે સમાજના ધરાયેલા વર્ગને ભોજન આપીએ છીએ, એના કરતાં ગરીબ, અનાથને ભોજન આપીએ અને ભોજનને બદલે ગરીબ વિદ્યાર્થીઓને કપડાં, ચંપલ, છત્રી આપીએ તો તે શ્રાદ્ધ જ થયું કહેવાય.

ગરીબોને લગ્ન-પ્રસંગે જે ખર્ચા થાય છે તે જોતાં તો એમ ન લાગે કે તેઓ ગરીબ હશે. શ્રાદ્ધક્રિયાના રિવાજથી ગરીબ પણ થોડામાંથી થોડું સમાજને ઉપયોગી સેવાકાર્ય કરે. બાકી, કોઈ એમને એમ જ સેવા કરતું નથી. શ્રાદ્ધ નિમિત્તે માનવ થોડો ઉદાર થાય છે. શ્રાદ્ધક્રિયા એટલી બધી મોંઘી નથી હોતી. તેમાં પણ વિધિ કરાવનાર ભૂદેવ સાથે આપ-લેની વાત સમજીને કામ લેવામાં આવે તો તે શ્રાદ્ધક્રિયા બોજારૂપ થતી નથી.

મૃત્યુ પછી તે જીવ તરત જ બીજો જન્મ લે છે, એવું નથી. તેથી, તે સૂક્ષ્મરૂપે છે એમ માનીને એ ક્રિયા કરવામાં નુકશાન નથી. તે ક્રિયાથી જીવતાને તો લાભ થાય જ છે અને કર્મકાંડી બ્રાહ્મણોને એ રીતે મદદ મળે છે.

પ્રાર્થનાથી પણ શાંતિ મળે છે. કાગવાસ તો પિતૃઓને તે પહોંચે એવી કલ્પના જ છે.

આ પ્રશ્નોત્તરી ઘણી લાંબી હતી. એ પછી અંગ્રેજીમાં પ્રશ્નો થયા.

પ્રશ્ન : હમણાં જ મારો મિત્ર જે ખૂબ ભક્તિ કરે છે તેને અકસ્માત થયો તો તે પૂર્વનું કર્મ હશે? તે ભક્તિ કરે છે છતાં તેને કેમ એવું થયું?



પૂ.શ્રી : તે જીવે છે ને?

તે ભાઈઃ હા, બચી ગયો.

પૂ.શ્રી : ભક્તિ કરતો હતો તેથી જ ઈશ્વરે કૃપા કરી તેને બચાવી લીધો. તે તેના પૂર્વના કે આ જન્મના કર્મનું પણ ફળ હોઈ શકે.

પ્રશ્ન : તે ભાઈ, ધારો કે મૃત્યુ પામે તો શું સમજવું?

પૂ.શ્રી : તો પ્રભુનો આભાર માનવાનો કે, હે પ્રભુ! તારી કેટલી કૃપા છે! કોઈ પણ જાતની લાંબી દુઃખદ માંદગી ભોગવ્યા વિના તેં એને તરત જ તારી પાસે બોલાવી લીધો. આપણે જો સુખી થવું હોય તો દરેક પ્રસંગે પ્રભુની કૃપા જ જોવી.

માણસને દરેક વાતમાં જો અસંતોષ રહે તો તે દુઃખી થયા કરે; પ્રભુને ફરિયાદ કર્યા જ કરે, જો મહિને એક હજાર રેન્ડનો પગાર કોઈને મળતો હોય તોપણ ફરિયાદ જ કરેઃ મને આટલો જ પગાર? જો પાંચસો રેન્ડ પગાર વધે તોપણ ફરિયાદ જ કરશેઃ આટલો જ વધાર્યો? પરંતુ એ જ માણસ જો સંતોષી હોય તો પ્રભુનો આભાર માનતાં કહે કે, પ્રભુ ! તારો ખૂબ આભાર. તેં મને એક હજાર રેન્ડ જેટલી રકમ આપી, તેં મને પાંચસો રેન્ડ જેટલો મોટો વધારો આપ્યો. પ્રભુ ! તારી ખૂબ કૃપા છે. આ રીતે વિચારીએ તો આપણે સુખી થઈએ ને આનંદથી જીવીએ.

સમય પૂરો થવા આવ્યો. ત્યાં જ, બે વાગ્યે ‘સ્ટાર’ નામના દૈનિક વર્તમાનપત્રના પ્રતિનિધિ શ્રી નાઝીર પૂ.શ્રીની મુલાકાત લેવા આવી પહોંચ્યાં.

મુલાકાતીઓ પ્રણામ કરીને વિદાય થયા. અખબારના પ્રતિનિધિએ પૂ.શ્રીને અંગ્રેજીમાં પ્રશ્નો પુછવાની શરૂઆત કરી.

પ્રશ્ન : આપને અમારો દેશ કેવો લાગ્યો?

આપના જીવન વિશે પ્રકાશ પાડશો?

આવા વિવિધ પ્રશ્નો તે ભાઈએ બે કલાક સુધી પૂછયા જ કર્યા. પૂ.શ્રી તરફથી તરત જ મળતા ઉત્તરોથી તે ભાઈ વચ્ચે વચ્ચે 'ખૂબ સરસ', 'ખૂબ સુંદર', 'બરાબર છે' જેવા આનંદના ઉદ્‌ગારો કાઢતા હતા. પ્રતિનિધિને પૂ.શ્રી સાથે વાતો કરવામાં ખૂબ આનંદ આવ્યો. નવા જ દૃષ્ટિકોણ સાથે મળેલા વિવિધ ઉત્તરોથી તે ભાઈને ખૂબ સંતોષ થયો.

છેવટે તે ભાઈએ અમારા ફોટા લીધા. પૂ.શ્રીએ સવા ચાર વાગ્યે આરામ લીધો.

પાંચ વાગ્યે તો અહીંથી નીકળીને આજે પ્રિટોરીઆ નામના જાણીતા શહેરમાં જવાનું હતું. ત્યાં ત્રણ દિવસનો કાર્યક્રમ હતો.

શ્રી રતિભાઈની ગાડી તૈયાર જ હતી. યજમાન પરિવારનાં સૌ સભ્યોએ પ્રણામ કરીને વિદાય આપી. ફરી જલદી જલદી આવતા રહેજો, એવા એમના વિદાયના શબ્દો હતા. બહાર ગાડી સુધી સૌ વિદાય આપવા માટે આવ્યાં. ત્યાં તો એ ઘરનો નાનકડો પુત્ર પ્રશાંત જે ત્રણ વરસનો છે તે દોડતો આવીને અમને પ્રણામ કરીને અંગ્રેજીમાં કહેવા લાગ્યોઃ 'મહાત્માજી! જલદી આવજો.'

યજમાન પરિવારના દરેક સભ્યના પવિત્ર સંસ્કારો સાચે જ અભિનંદનીય હતાં.

સાંજે ૬:૩૦ વાગ્યે એકાદ કલાકના રળિયામણા માર્ગે થઈને અમે પ્રિટોરીઆ શહેરમાં આવી ગયાં. અમારો ઉતારો અહીંના જાણીતા સેવાભાવી એવા પવિત્ર પરિવારમાં હતો. શ્રી પ્રીતમભાઈ, જેઓ એ પરિવારના મુખ્ય સભ્ય છે તેઓની સાથે રાજકોટ વિષે થોડી વાતો થઈ. તે ભાઈ પૂ.શ્રીની આત્મકથામાં આવતા ચંપકભાઈના પાત્રને ઓળખતા હતા.



થોડી વાર ઘરમાં બેઠાં. ઘણી વાતો થઈ. પછી પ્રિટોરીઆ શહેરમાં રાતે એક આંટો મારવા જવાનું બન્યું. શ્રી રતિભાઈના અતિઆગ્રહને માન આપવું પડ્યું.

પ્રિટોરીઆ શહેર દક્ષિણ આફ્રિકાની રાજધાની છે. અહીંથી આખા દેશનો કારોબાર થાય છે. કેપટાઉનમાં આ દેશની પાર્લામેન્ટની બેઠક થાય છે, પરંતુ કાયદાઓનો અમલ અહીંથી જ થાય છે. શહેર ઘણું મોટું છે.

રાતે એક ઐતિહાસિક કિલ્લા જેવા સ્થળે જવાનું બન્યું. તે સ્થળ દિલ્હી પાર્લામેન્ટ હાઉસનું સ્મરણ કરાવે એવું છે. ત્યાંથી આખુંય પ્રિટોરીઆ શહેર દેખાય છે. એ સ્થળમાં ગાંધીજી પણ તેમના આફ્રિકા-વાસ વખતે ગયેલા હતાં.

રાતે આવીને દૂધ પીને આરામ કર્યો.

**હરિઃ ૐ**

—મા સર્વેશ્વરી

'દેહથી પ્રેમ કર્યો હતો, દેહ તો ગયો. હવે અદેહીથી પ્રેમ કરો. એવાને પ્રેમ કરો, જે ક્યારેય ન મરે. જાગો અને મીરાંની જેમ ગાઓ :

"મેરી ઉનકી પ્રીત પુરાની, ઉન બિન પલ ન રહાઉં.
જહાઁ બૈઠાવૈ તિત હી બૈઠૂં, બેચૈ તો બિક જાઉં."'

# ॥ શ્રી યોગેશ્વરજીનો અક્ષરવૈભવ ॥

મહાત્મા યોગેશ્વરજી સિદ્ધયોગી, મહાજ્ઞાની, તપસ્વી, આત્મદર્શી, પ્રગટપુરુષ હતા. 'માતૃભક્તિના મહાકાવ્ય' સમા મહામાનવ હતા. તેમનું જીવન એ જ એમનું કવન હતું. શ્રી ઉપેન્દ્ર છ. પંડ્યા નોંધે છે, "યોગેશ્વરજી સાધુચરિત, વેદાન્તી, પ્રભાવક વ્યાખ્યાતા, ઉપદેષ્ટા કે પરિવ્રાજક તરીકે જ નહીં, સત્ત્વશીલ લેખક તરીકે પણ ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. સાહિત્યસર્જન દ્વારા તેમણે એમની પ્રતિભાના સાતત્ય અને વૈપુલ્યની હૃદ્ય પ્રતીતિ કરાવી છે."

સાદાઈના ઉપાસક, સરળતાના હિમાયતી, ઓછામાં ઓછી જરૂરિયાતવાળું સાદગીભર્યું એમનું જીવન. પ્રાર્થનાને તેમણે જીવનની સાધના તરીકે અપનાવી હતી છતાં જ્ઞાન અને યોગનું મહત્ત્વ પણ એમણે સ્વીકારેલું. 'ગીતા', 'ઉપનિષદો' અને 'બ્રહ્મસૂત્ર'ના ગ્રંથો તેમને કંઠસ્થ. પાતંજલ યોગદર્શનનો તલસ્પર્શી અભ્યાસ. ગુજરાતી ભાષામાં યોગ વિશેનું પ્રમાણભૂત સાહિત્ય તેમણે આપ્યું છે. આજ સુધી થયેલા યોગના સ્વરૂપ-વિકાસની પ્રક્રિયા સમજાવી અને જાતઅનુભવી યોગાનુભૂતિ વર્ણવી છે. તેમના અનેક પુસ્તકોમાં ધ્યાન, યોગ, સાધના વગેરે વિષયો કેન્દ્રીય બને છે.

સંપૂર્ણ જીવન 'મા' જગદંબાની પ્રેમ-ભક્તિપૂર્ણ ઉપાસના કરી અને તેમને જ એકમાત્ર ઈષ્ટ-આરાધ્ય માની તેમની જ ઈચ્છા-આજ્ઞાને આજીવન અનુસર્યા. પોતે કઠિન વ્રત, જપ, તપ, ધ્યાન, સાધના, પ્રેમ અને પ્રાર્થનાના બળે પરમાત્માની



પરમશક્તિના માતૃસ્વરૂપનો સાકારસ્વરૂપે આવિર્ભાવ કરી, તેમની અખંડ સન્નિધિ સદેહે પ્રાપ્ત કરી.

કર્મનો મહિમા પણ જીવનમાં ગાયો અને આચરી બતાવ્યો. સત્કાર્યોનું સમજપૂર્વક જીવનમાં સતત અનુષ્ઠાન, પ્રતિદિન ત્રણેક કલાક લોકહિતાર્થે લેખનકાર્ય, સંપર્કમાં આવનારા જિજ્ઞાસુઓ, શ્રદ્ધાઓની શંકાઓનું સમાધાન અને માર્ગદર્શક પ્રવચનોથી જનજાગૃતિનો અને ધર્મની સમજનો પ્રસાર એ એમના જીવનનો કર્મયોગ રહ્યો. એટલે કે જ્ઞાન, યોગ, ભક્તિ અને કર્મની ઉપાસનાનું સમન્વયભર્યું તેમનું જીવન. જીવનભર તેઓ સત્ય, પવિત્રતા અને સુંદરતાના ઉપાસક રહ્યા. બધા જ ધર્મો અને દેવો પ્રત્યે આદર. સહુના પ્રત્યે સહાનુભૂતિ, સૌને વંદે અને સહુને સહયોગ ધરે. સમન્વયકારી મહાન સંત તરીકેની અદ્‌ભુત દૃષ્ટિ !

સાહિત્ય પ્રત્યે તેમને વિશેષ અભિરુચિ હતી. મુંબઈમાં અભ્યાસકાળ દરમિયાન તે સાહિત્યનું વાચન અને લેખન સતત કરતા. વિવિધ પુસ્તકાલયોમાં જઈને સાહિત્યના ગ્રંથો વાંચતા. તેઓ કહે છે કે, "નરસિંહયુગથી માંડી પ્રેમાનંદયુગ, નર્મદદલપતયુગ, સાક્ષરયુગ અને ન્હાનાલાલયુગ તથા તે વખતે ચાલી રહેલા ગાંધીયુગના ગુજરાતી સાહિત્યના અધ્યયનને મેં ખૂબ રસપૂર્વક કર્યું હતું. તે વખતે મારી લેખનપ્રવૃત્તિ સારી ચાલતી. ખાસ કરીને કાવ્યો વધારે લખાતાં. વળી નાટક ને ચિંતનલેખો લખવાની શરૂઆત પણ થઈ ચૂકેલી. કાવ્યમાં હું વધારે ભાગે સંસ્કૃત છંદોનો જ પ્રયોગ કરતો. ન્હાનાલાલની અપદ્યાગદ્ય શૈલીને પણ મેં અજમાવી જોઈ હતી. તેમાંના થોડાંક

કાવ્યો મેં અમારી જૂની સંસ્થાના ગૃહપતિને વંચાવ્યા હતાં. ભવિષ્યમાં એક સારો કવિ થઈ શકીશ એવો અભિપ્રાય પણ તેમણે આપ્યો હતો. તેથી ભવિષ્યમાં એક મહાન કવિ થવાની મહત્ત્વાકાંક્ષા મારા મનમાં જાગૃત થઈ હતી. આમ ધર્મ ને સાહિત્ય અથવા આત્મોન્નતિની સાધના ને સાહિત્યના બે પ્રવાહો મારા તે વખતના જીવનમાં વહી રહેલા. તે બન્ને પ્રવાહો એકમેકને મદદરૂપ ને પરસ્પર પોષક હતા. તેમાં સૌથી પ્રબળ પ્રવાહ આત્મોન્નતિની સાધનાનો હતો. સાહિત્યનો બીજો પ્રવાહ તેમાં સંવાદનો સૂર રેલાવતો વહ્યો જતો હતો. પ્રત્યેક કળાની જેમ સાહિત્ય પણ એક મોટી સાધના છે. તેથી સ્વ ને પરનું હિત સાધી શકાય છે. જ્યારે એને આત્મવિકાસની સાધનાના એક અંગ તરીકે અપનાવવામાં આવે છે ત્યારે એ આશીર્વાદરૂપ બનીને જીવનના મંગલ માટેના મંત્ર જેવું થઈ પડે છે. મીરાં, તુલસી, સૂર ને તુકારામ જેવા મહાપુરુષોનો વિચાર કરવાથી આ વાત સહેજે સમજી શકાશે.''

શ્રી યોગેશ્વરજીના આ શબ્દો દર્શાવે છે કે સાહિત્યસૃષ્ટિ પણ તેમને ઘણી આકર્ષતી હતી. સાહિત્ય પરત્વેનો તેમનો રસ કેવળ આસ્વાદનો જ નહીં સર્જકત્વનો વિશેષ હતો. તેઓ પોતાની કવિતા લખવાની પ્રવૃત્તિ વિશે કહે છે, ''કવિતા લખવાની સહજ શક્તિ મારામાં ચૌદ વર્ષની વયથી જ પ્રગટ થઈ હતી. કેટલીકવાર એવું બનતું કે કવિતા લખવાની અદમ્ય વૃત્તિ અંતરમાં ઉત્પન્ન થતી ને તેને લીધે મારે ફરજિયાત કવિતા લખવી પડતી. કવિતા લખાતી ત્યારે જ મને નિરાંત મળતી.'' આ દર્શાવે છે કે તેમનામાં કવિત્વશક્તિ-સર્જકતા સ્વાભાવિક



હતી, સ્વયંસ્ફુરણાત્મક પ્રતિભાજન્ય હતી.

પણ મધ્યકાલીન સંતસાહિત્યકારોએ જે રીતે પોતાના જીવનમાં ધર્મસાધના સાથે સાહિત્યને સેવ્યું હતું, તેવી જ રીતે યોગેશ્વરજીએ પણ સાહિત્યને પોતાના આધ્યાત્મિક જીવનના આવિષ્કાર તરીકે અપનાવ્યું હતું.

મહાત્મા યોગેશ્વરજીએ ગાંધીયુગીન વિચારધારાને અનુસરીને સાહિત્યનું સર્જન કર્યું છે. તેમનું સાહિત્ય જીવનોપયોગી, મૂલ્યનિષ્ઠ, સમાજશ્રેયલક્ષી, રાષ્ટ્રવાદી ને આધ્યાત્મિક સાહિત્ય કહેવાયું. તેઓ ધર્મ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ અને મોક્ષના પુરુષાર્થોને પ્રાધાન્ય આપીને જીવતા હતા અને તેને અનુરૂપ જ સાહિત્યસર્જન કરતા. તેમણે વિચારપ્રધાન સાહિત્ય સર્જ્યું છે. ચિંતનને પ્રગટાવવા માટે વાર્તા, દૃષ્ટાંત વગેરેનો તેમાં વિનિયોગ કર્યો છે. તેમનું લક્ષ્ય છે માનવજીવનદર્શન.

તેમના મતે સાહિત્ય આત્માનંદ ઉપરાંત સમાજના અભ્યુત્થાન માટે પણ છે. તેઓ કહે છે કે, ''સાહિત્ય કેવળ સાહિત્યકારને માટે નથી, પરંતુ સમસ્ત સમાજને માટે છે. અને તેથી સાહિત્ય સમાજના લગભગ બધા જ વર્ગો સમજી શકે તેવું સીધું, સચોટ અને સરળ હોવું જોઈએ. એ કેવળ વિદ્વદ્ભોગ્ય કે દુર્બોધ ન હોવું જોઈએ.''

યોગેશ્વરજીએ આપણાં પૌરાણિક, ધાર્મિક અને તાત્ત્વિક સંસ્કૃત સાહિત્યને ગુજરાતીમાં ઉતારવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો છે. પ્રાચીન કાવ્યવારસાને સરળ ગુજરાતી ગદ્ય-પદ્યમાં ઉતાર્યો છે.

તેમના ઊર્મિકાવ્યો મોટે ભાગે પ્રાર્થના, ભજન, કીર્તન, જ્ઞાન, ભક્તિ, બોધ વગેરેની કવિતા છે. કવિતાનો અનંતસૂર છે અધ્યાત્મનો કવિતામાં જે યોગ દેખાય છે તે પ્રેમભક્તિયોગ છે. તેમના દેશભક્તિનાં કાવ્યો અનેરો રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરે છે. 'સાંઈસંગીત'ની રચનાઓ સાંઈની ભક્તિ અને પ્રેમમાંથી પ્રભવેલી છે. 'તર્પણ'ના માતૃભક્તિકાવ્યો માતાજી જ્યોર્તિમયીના નિર્વ્યાજ પ્રેમ અને અનન્ય શ્રદ્ધાને અંજલિ અર્પતા તર્પણરૂપે રચાયેલા સ્નેહસુમનો છે.

મહાકાવ્ય તરીકે ઓળખાતી તેમની મહત્ત્વાકાંક્ષી રચના 'ગાંધીગૌરવ'એ ગાંધી પ્રભાવની પરિણતિ છે. જેમાં ગાંધીજીના સમગ્રજીવન અને દર્શનનું કાવ્યાત્મક નિરુપણ કર્યું છે. મહાકવિ ન્હાનાલાલ તેમના પ્રિય કવિ હતા. ન્હાનાલાલે તેમને 'અનંતસૂર'ની રચનાઓ માટે પ્રોત્સાહન આપ્યું હતું, એટલું જ નહીં, તેમની 'હરિસંહિતા' જેવી કૃતિ વિષે તેમનો અભિપ્રાય માંગ્યો હતો. ન્હાનાલાલની રંગદર્શી ભાષાશૈલી, ભાવકક્ષા, આલંકારિકતા વગેરેનો પ્રભાવ યોગેશ્વરજીની કેટલીક ગદ્યપદ્ય રચનાઓમાં પ્રવર્તે છે.

તેઓ રવીન્દ્રનાથ ટાગોરથી ને ખાસ કરીને 'ગીતાંજલિ'થી અત્યંત પ્રભાવિત છે. 'ગીતાંજલિ'ના અંગ્રેજી ગદ્યને અનુસરીને તેમણે અંગ્રેજીમાં 'Tunes unto Infinite' જેવી રચનાઓ આપી છે. તેમજ ગુજરાતીમાં 'અનંતસૂર', 'સનાતન સંગીત', 'અક્ષત', 'દર્પણ' જેવાં ગદ્યકાવ્યસંગ્રહો આપ્યાં છે. તેમણે જિબ્રાનની જેમ રૂપકાત્મક દૃષ્ટાંતકથાઓ પણ રચી છે.



યોગેશ્વરજીએ ગાંધીજી કાકાસાહેબકાલેલકર ને કિશોરલાલ મશરૂવાળાની જેમ અનેક સ્વરૂપે ગીતાનું સર્જન કર્યું છે. 'સરળગીતા', 'ગીતાદર્શન', 'ગીતાતત્ત્વવિચાર', 'ગીતાસંદેશ' જેવી ગીતાવિષયક કૃતિઓ તેમની પાસેથી મળે છે. સંસ્કૃતની સામાન્યજનને કઠિન એવી 'ગીતા'ને તે 'સરળગીતા' રૂપે દોહરા જેવા લોકપ્રિય ઢાળમાં મૂકી આપે છે.

તે ભારતીય ધર્મ અને સંસ્કૃતિના સાચા પ્રેમી, પારખુ અને ઉત્તમ કોટિના અભ્યાસુ હતા. તેમનું સાહિત્ય જીવનસાધનાનું સાહિત્ય છે. તેમણે આપણાં અન્ય પ્રાચીન ધર્મગ્રંથો યોગદર્શન, બ્રહ્મસૂત્ર, શ્રીમદ્‌ભાગવત, ચંડીપાઠ, રામાયણ, ઉપનિષદ, રામચરિતમાનસ, મહાભારત, શિવમહિમ્નઃસ્તોત્ર, વિષ્ણુસહસ્રનામ વગેરે ગ્રંથોને પણ સરળ ગુજરાતીમાં ઉતાર્યાં છે અને તે દ્વારા લોકોના જીવનનું સાંસ્કૃતિક આધ્યાત્મિક ઉત્થાન કર્યું. તેમણે 'મહાભારત'ને 'ભાગવત'માંથી વસ્તુ લઈને 'કૃષ્ણરુક્મિણી' નામનું દીર્ઘકાવ્ય સર્જ્યું છે. તો વાલ્મિકી રામાયણને પણ 'રામાયણદર્શન' નામક મહાકાવ્યરૂપે રચી આપ્યું છે.

તેમણે પૌરાણિક અને સામાજિક કથાવસ્તુ પરથી નોંધપાત્ર નવલકથાસર્જન કર્યું છે અને 'રોશની' નામે યાદગાર નવલિકાસંગ્રહની સાથે ભાવવાહી હૃદયસ્પર્શી ઉત્તમ નાટક 'રામનું હૃદય' પણ રચ્યું છે. વાર્તા કરતાંય નવલકથામાં તેમની ગતિ વિશેષ છે. તે માત્ર ચિંતનાત્મક ગદ્યના સાહિત્યકાર નથી, પણ સર્જનાત્મક ગદ્યના સર્જક પણ છે. તે પોતે પ્રશસ્ય

આત્મકથાકાર છે. ચરિત્રકાર છે. રેખાચિત્રકાર છે. પ્રવાસલેખક અને પત્રલેખક પણ છે. તેમનામાં વિવેચનાત્મક દૃષ્ટિ છે. તેમણે આપણા પૌરાણિક કથાકારો અને ટીકાકારોની જેમ ધર્મચિંતનના ગ્રંથોનો સાર, સંક્ષેપ, વિવરણ, ભાષ્ય, અર્થઘટન, અનુવાદ વગેરેની સાહિત્યિક પ્રવૃત્તિ પણ બહોળા પ્રમાણમાં કરેલી છે. તે વિવિધ વિષય અને સ્વરૂપના સર્જક છે.

યોગેશ્વરજી ગાંધીપ્રભાવ હેઠળ દીર્ઘ અને સત્ત્વસમૃદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે' આપે છે. તેમજ, 'સત્સંગ', 'સંતસમાગમ', 'સંતસૌરભ' જેવાં રેખાચિત્ર સંગ્રહો, 'પરબનાં પાણી' અને 'કળીમાંથી ફૂલ' જેવાં પ્રસંગચિત્રો, 'ભગવાન રમણ મહર્ષિ જીવન અને કાર્ય' જેવું બૃહદ્ જીવનચરિત્ર (જે દક્ષિણના એક સંતની દિવ્ય સાધનાનું ચરિત્ર છે.) 'હિમાલયના પત્રો' જેવાં પત્રો (સ્વજનો, મિત્રો ને સાધકો પરત્વેના) અને 'તીર્થયાત્રા', 'ઉત્તરની યાત્રા' જેવા પ્રવાસગ્રંથો વગેરે પ્રકારનું મબલખ ચરિત્રાત્મક સાહિત્ય આપે છે. 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' તેમજ 'હિમગિરિમાં યોગી' જેવાં લોકપ્રિય ગદ્યાનુવાદ આપ્યાં છે.

યોગેશ્વરજીનું સઘળું સાહિત્ય લોકગમ્ય, સરળ, સુબોધ, સામાન્યજનજીવનની ભાષાશૈલીમાં રચાયેલું છે. તેમનું ગદ્ય ઉત્કૃષ્ટ ભાષાશૈલીના અંશ પ્રગટ કરે છે. કવિતામાં આલંકારિક વિભૂષિત વાણી આપી જાય છે. તેમનું સર્જન વિવિધ સાહિત્યવિદ્યાઓનું છે. તેમની સર્જક પ્રતિભા સાહિત્યના ત્રણેય મુખ્ય સ્વરૂપો (૧) ઊર્મિકવિતા (૨) મહાકાવ્ય અને (૩) નાટક



આ ત્રણેયમાં વિલસી છે. યોગેશ્વરજી સાહિત્યસર્જક તરીકે બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકાર છે. તેમના સર્જનમાં વૈવિધ્ય ઉપરાંત નાવિન્ય છે. તેમનું સઘળું સાહિત્ય શ્રેયસ્કર ભાવનાઓથી ભરેલું છે.

જેમ ગોવર્ધનરામે સાહિત્ય દ્વારા દેશસેવાનો આદર્શ સ્વીકાર્યો હતો અને પોતાના સાહિત્યમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આદિ પુરુષાર્થોનો સમન્વય કર્યો હતો, જેમ ગાંધીજીએ પોતાના સાહિત્ય દ્વારા દેશના લોકોના ઉદ્ધારનું કાર્ય કર્યું હતું અને 'મંગલપ્રભાત'ના પોતાના સ-રસ કાવ્યાત્મક સાહિત્ય દ્વારા બ્રહ્મ-બ્રહ્માંડ અને પુણ્યની પ્રેરણા આપી હતી, તેમ યોગેશ્વરજીએ સાહિત્ય દ્વારા ધર્મસાધનાનું કાર્ય કર્યું હતું, તેમનું સાધ્ય હતું 'પરમતત્ત્વ'-પરમેશ્વરની પ્રાપ્તિ. તે માટે આધ્યાત્મિક વિકાસયાત્રા ચાલતી જ હતી. તો સાથે સાથે ધર્મ, તત્ત્વ અને અધ્યાત્મનું સાહિત્ય તેમની સાધનાના પરિપાકરૂપે એક સાધન તરીકે પ્રગટ થતું હતું. તેમણે મકરન્દ દવેની જેમ આપણાં પૌરાણિક કથાનકોના રહસ્યોને આધુનિક સંદર્ભમાં સમજાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

તેમના જીવનમાં અધ્યાત્મ અને સાહિત્ય સાધનાનું સાતત્ય છેક સુધી રહ્યું. તેઓ ગાંધીજીની જેમ કહી શકે કે, 'મારું જીવન એજ મારો સંદેશ.' રવીન્દ્રનાથ ટાગોર કહેતા 'આમાર જીવનિ આમાર બાની.' એમ યોગેશ્વરજીનું જીવન સ્વયં તેમની સાહિત્યિક અભિવ્યક્તિ હતું. જીવન એજ સાહિત્ય, તો અમુક અંશે સાહિત્ય એ પણ એમનું જીવન હતું. જીવનનો પ્રબળ અંશ હતું.

આપણા મૂર્ધન્ય વિવિચક શ્રી વિજયરાય વૈદ્ય કહે છે તેમ, “શ્રી યોગેશ્વર આજને દહાડે જગતના વિરલપુરુષ વિશેષોમાંના એક છે.” જગત પોતાના સૌથી મહાન મનુષ્યોને ઓળખતું નથી તેવાઓમાંના યોગેશ્વરજીને એક ગણાવ્યાં છે.

યોગેશ્વરજીનું જીવન અને સાહિત્ય અનેકોના જીવનમાં પ્રકાશ પાથરે તેવું છે. સ્વામી બ્રહ્મરૂપાનંદ કહે છે તેમ, ‘એ જીવનમુક્ત મહામાનવ આજના વિશ્વના એક અસાધારણ મહામાનવ છે. મેં મારા જીવન દરમિયાન કેટલાંય સંતો, તપસ્વીઓ, યોગીઓને જોયા છે. પરંતુ યોગેશ્વરજી જેવાં સાચા સંપૂર્ણ સર્વાંગીણ વિકાસવાળા મહાપુરુષને નથી જોયા. યોગેશ્વરજી સૌમાં જુદા જ તરી આવે છે. એમનું જીવન ભારતીય સાધના, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના અલૌકિક અનુવાદરૂપ છે.’

તેઓશ્રી શુભજીવનના મીમાંસક છે. ટોલ્સ્ટોયની જેમ તેમણે પણ માત્ર મનોરંજનને ખાતર તો એક પણ શબ્દ લખ્યો નથી. તેમણે માત્ર સૌંદર્યલક્ષી સાહિત્ય આપવાને બદલે શિવ અને સત્યનો પણ મહિમા કર્યો છે. એમાં શ્રી યોગેશ્વરજીનો અનન્ય અક્ષરવૈભવ આવિષ્કૃત થાય છે. તે એક સંત સાહિત્યકાર હોવાથી જનસમાજની સેવા કરવા માટે પોતાની આધ્યાત્મિક ભૂમિકાએથી નીચે આવીને સમાજને સુગમ નીવડે તે રીતે કાવ્યાત્મક, કથાત્મક તથા ચિંતનાત્મક સાહિત્ય સર્જે છે.

—ડૉ. અરુણા ઠાકર

‘Success always comes to them who dare and act.’



# ॥ શ્રી યોગેશ્વરજીનું નિર્ભ્રાન્ત દર્શન ॥

☐ આપણાં કર્મો સિવાય આપણને કોઇ દુઃખી કે સુખી કરી શકતું નથી.

☐ હું શક્તિ કે શક્તિપાત કરતાં સર્વશક્તિમાન પ્રભુને જ વધારે મહત્ત્વ આપું છું. શક્તિના અધિષ્ઠાતા પ્રભુ પાસે પહોંચશો એટલે આપોઆપ તમારા આંગણે બધી શક્તિઓ આવી રહેશે.

☐ જે માળાથી જપ કરીએ તે માળા પહેરી શકાય પણ ઘરેણાં તરીકે નહીં, પૂજ્યભાવે કે આદરભાવે ધારણ કરાય.

☐ ધ્યાનમાં જ્યોતિ દેખાય તે ભ્રમ નથી પણ જીવનનું લક્ષ્ય જ્યોતિ જોવાનું નથી, જ્યોતિ જેની છે તેને જોવાની જરૂર છે.

☐ ગાયત્રીની માળા રાત્રે કરો તોપણ ચાલે. ભગવાન કંઇ માળાનું પાર્સલ પાછું નથી મોકલતા. સર્વ અવસ્થામાં જપો.

☐ પ્રશ્નો પૂછવા જેવા લાગે તો જ પૂછો. નહીંતર બધાની જેમ તમારામાં પણ આત્મારૂપે ગુરુદેવ અંદર બેઠા જ છે. તે જ અંદરથી સુઝાડશે : ‘આમ કરો, આમ ન કરો.’

☐ ભગવાન પાસે જ માગો એની પાસે માગવાનો આપણને હક છે.

☐ સૂતક કોઇને લાગતું જ નથી. ઊલટું મરણ પછી તો પૂજાપાઠ વિશેષ કરવા જોઇએ.

☐ ભાંગ શિવજીને અર્પણ કરે પણ આરોગે તો ભક્ત પોતે ! પ્રસાદને નામે બધું ચાલે છે.

☐ વ્રત–જપ તૂટી જાય તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણવાનું ચાલુ કરી દો. ચંપલ તૂટે તો મોચીને ત્યાં જઇને પટ્ટી મરાવી દઇએ તેમ !

☐ પ્રાર્થના પ્રભુ બધી જ સાંભળે. યોગ્ય હોય તો જવાબ આપે. જવાબ આપવા તે બંધાયેલો નથી.

☐ મંદિર કે સંતનાં દર્શન કોઇના વતી કરાય તે શિષ્ટાચાર વિરુદ્ધ છે.

☐ પ્રસાદનો અનાદર ન કરવો, લઈ લેવો. પછી જેને ન મળ્યો હોય તેને આપી દો તો ચાલે.

☐ મંત્રદીક્ષાથી મંત્રમાં તાકાત આવે પણ યોગ્ય ગુરુ ન મળે તો આપણે અનંતકાળથી જ આપણા સૌના ગુરુ પ્રભુથી દીક્ષિત છીએ જ.

☐ કોઈપણ મંદિરમાં આપણા ઈષ્ટના જપ કરી શકાય. હનુમાનજીના મંદિરમાં ગયા હોઈએ તો કહેવું : 'હે હનુમાનજી ! તમે ગાયત્રીમાતામાં શ્રદ્ધા-ભક્તિ વધે એવા આશીર્વાદ આપજો.'

☐ પૂજાનો સમય ઓછો કરી, બધા ફોટાને ચંદન કરી પ્રણામ કરી લો પછી ઈષ્ટદેવના જ જપ કરો. એમાં સર્વ દેવ સમાઈ જાય. (ચટણી, પાપડ, અથાણામાં ઓછા જાઓ, માલપાણી જ લો.)

☐ બારણે ટકોરા મારીએ પણ અંદરથી બારણાં ન ખૂલે તો પુરુષાર્થનો અહં ઓગાળી સર્વસમર્પણભાવે પોકારો.

☐ ભક્તિ કામનાનો વિષય નથી, એનાથી તો કામવાસના શાંત થાય છે.

—સંકલન



# ॥ 'મા' સર્વેશ્વરીની સંનિધિ ॥

પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરી આધ્યાત્મિક શાન્તિની સુગંધ છે. પૃથ્વી પરનું પરમ આશ્ચર્ય છે.

એ જીવનના બધા સ્તરોને સ્પર્શે છે.

એ મુક્તિ જીવે છે. મુક્ત રહે છે અને દરેકને મુક્ત રહેવા દે છે.

તેમનો ઉપદેશ તાજગીભર્યો, તદ્દન નવો અને સમર્થ છે.

'મા' આત્માનાં દ્વાર ખોલી નાખી, એમાંથી દિવ્ય ચેતનાનો ધોધ વહાવે છે. ભૌતિક સૃષ્ટિને પરે વહી રહેલા આપણા દરેકના દિવ્યતત્ત્વ—અંતઃશક્તિને ઉજાગર કરી શકે છે.

'મા'નું જીવન જ ચૈતન્યસ્વરૂપનું જીવતું—જાગતું દૃષ્ટાંત છે.

'મા'નો બોધ આત્માની દિવ્યતા, માનવઐક્ય અને ઈશ્વરીય અનન્યતાને પ્રગટ કરે છે.

'મા' માન્યતા કે અભિપ્રાય નહિ, ધર્મ કે સંપ્રદાય નહિ, પંથ કે વાદના આલેખો નહિ, કેવળ 'અનુભૂતિનું સત્ય' સામે મૂકે છે.

પ્રભુને માણવા એટલે પ્રભુ જ થઇ જવું.

મંચ પરથી બોલાતા અપ્રતિમ છટાદાર ભાષણ આપણા શ્રવણપટ પર કોઇપણ સ્થાયી પ્રભાવ પાડવા નિષ્ફળ જાય છે.

જ્યારે 'મા'ના પવિત્ર મુખેથી સરેલો સ્લેટ પર અંકિત થયેલો એકેએક શબ્દ આપણા સમગ્ર જીવન માટે, આપણા

આત્માને ઉજાગર કરવા સમર્થ છે.

'મા'નું શુચિતાભર્યું મૌન શબ્દો કરતાં ઘણું વધારે પ્રભાવક છે.

'મા'નું શાન્ત–પ્રસન્નકારક દર્શન હર કાળ અત્યંત સૂચક અને લાક્ષણિક છે.

આપણે સર્વ 'મા'ના પવિત્ર શ્રીચરણની રજ હોવાનું સૌભાગ્ય મેળવી શકીયે તો ય ઘણું !

'મા'ની તપોભૂમિ–પૂજ્યશ્રી યોગેશ્વરજીની સંકલ્પસૃષ્ટિ સ્વર્ગારોહણ પરમ આનંદનું સામ્રાજ્ય છે.

વૈશ્વિક શક્તિએ-પરમ કરુણાળુ પરમાત્માએ 'મા'ને પોતાના પવિત્ર હસ્તોથી ઉઠાવીને જાણે આપણી સમક્ષ, આપણા કલ્યાણ માટે પ્રસ્તુત કર્યાં છે. તો 'મા' પણ નત્‌મસ્તકે અતિ વિનમ્રતાથી 'પ્રભુઊર્જાનાં વાહક' બનીને માતૃસ્વરૂપે પ્રત્યેક બાળકનો ઉત્કર્ષ ઝંખતાં એ માટે મથતાં ઊભાં છે.- અહર્નિશ।

'મા'ના સમગ્ર અસ્તિત્વમાંથી એક જ સૂર પ્રગટે છે- સ્વાર્પણ. પૂર્ણ પ્રભુપ્રેમ। ક્યાંય છલકાય નહીં, સદા સંયતરૂપે ઝળક્યા કરે. 'મા'ની એક જ ભાષા-સર્વસ્વ ત્યાગવાની. સઘળું સમર્પી દેવાની. કોઈ કરતાં કોઈ માગણી નહીં, કેવળ લાગણી, નિતાન્ત લાગણી, નમ્રાતિનમ્ર વાણી :

'પરમેશ્વર પામવા બધું વિખેરી નાંખવું પડે, ખંખેરી નાંખવું પડે, ખાલીખમ થઈ જવું પડે. અહમ્‌ની ક્યાંય કરચ ન રહે.



(સોયમાં ફાંસ હોય તો દોરો ન પરોવાય)'

જીવનમાં મંત્ર-જપ-તપ નહીં, જીવન સ્વયં જ મંત્ર-જપ-તપ બની જાય ત્યારે પ્રભુ પધારે.

પ્રાર્થના કરવાની ન હોય, સ્વયં પ્રાર્થના થઈ જવું પડે.

આપણે સ્વચ્છ-પવિત્ર-નિર્મળ થઈએ તો પ્રભુ દેખાય સાફ ! અરીસામાં જેમ વાળ સરસ હોળાય, તેમ પ્રભુનું પ્રતિબિંબ સાફ, હૃદયમાં સ્પષ્ટ દેખાય.

હૃદયના ધબકાર પ્રભુ જ છે. (એ બીજે રહેવા જાય તો બધા કહે 'મૃત્યુ પામ્યા.') પણ આપણી સાથે, આપણી પાસે તો તે છે જ. આપણું હોવું-આપણી હયાતિ એના હોવાનો પુરાવો છે.

પવન-ઠંડી અનુભવાય પણ હવા ન દેખાય ફૂલ દેખાય સુગંધ નહીં એમ પ્રભુ સાથે ને સાથે જ રહે છતાં દેખાય નહીં.

સૂર્યનારાયણ સામે સીધું ના જોવાય, પાણીમાં પ્રતિબિંબ પડે તો તેને કલાકો સુધી જોઈ શકાય. એમ પ્રભુ સાક્ષાત્ ન જોઈ શકાય, એના સંતો પૃથ્વી પર ઊતરે છે એમને મળી શકાય, જોઈ શકાય. તે પ્રભુ જેવા જ હોય છે.

નિર્દોષ હૃદયોમાં પ્રભુપ્રેમના પડઘા પડે. તે પૂર્વનાં કર્મોનાં સારા ફળરૂપે છે. પ્રભુ બધામાં છે પણ બાળકોમાં તે પારદર્શકરૂપે હોય છે.

તેથી આ જીવન

–પ્રભુનું પ્રતિબિંબ બનાવો.

–પારદર્શક, પવિત્ર જીવન બનાવો.

—ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યથી પ્રતિમા ઘડી લો.

—જીવનને પૂજાની સામગ્રી, હવનની આહુતિ બનાવો.

—જીવનના ખૂણેખૂણેથી હરિનાં સૌને દર્શન કરાવો.

પછી તો તમે ય 'મા' સાથે ગાઈ ઊઠશો :

'વાવડ આવ્યા દસે દિશાથી
પધારશે પ્રભુ પળમાં આવી.'

—ઢોલ-ત્રાંસા-નગારાં નહીં વાગે, બધું જ ગોપનીયરૂપે રહેશે.

—આ અલૌકિક કારભાર છાનોમાનો ચાલશે.

—તરલા દેસાઈ

---

'શિવાનંદલહરી'માં શ્રી શંકરાચાર્ય કહે છે :

'બ્રહ્માવિષ્ણુનું પદ મારે નથી જોઈતું, જેથી આપનો વિરહ થાય. એવી મોટાઈને શું કરું ? હું તો નાનામાં નાનો થઈને આપના શ્રીચરણમાં પડી રહેવા માગું છું.

હે ગિરીશ ! સુમેરુ (સુવર્ણગિરિ) આપની સમીપ છે. સોનું જ સોનું ! કુબેરજી આપના પડોશી. કલ્પવૃક્ષ-કામધેનૂ-ચિંતામણિના ઢગલા. સિદ્ધિ પુત્રવધૂ. કયા અભાવની પૂર્તિ કરું ? ચન્દ્રમા-સુધાકર તો મસ્તકે.

મારી પાસે અર્પવા જેવું મન જ છે. તે જ સ્વીકારો. મારે મુક્તિ ન જોઈએ કારણ કે તમારી પૂજા-સ્તુતિ તદાકાર કરી દે છે.'



# ॥ મને તો ગુરુમુખી બનાવો ॥

મને તો ગુરુમુખી બનાવો
ગુરુનો જીવનમંચ બનાવો
સદ્‌ગુરુચરણે ઝુકીઝુકીને
પાદુકા ગુરુની બનાવો...મને તો
સદ્‌ગુરુ વચનો ઝીલીઝીલીને
દર્પણ ગુરુનું બનાવો
સદ્‌ગુરુચિંતન કરતાં કરતાં
ગુરુસ્વરૂપે સમાવો...મને તો
સર્વેશ્વરી કર જોડી પ્રાર્થે
સંનિધિસુખ અપાવો.

—મા સર્વેશ્વરી

## સમજૂતિ

'મા' રચિત પદ એટલે શબ્દનો સીધો સાક્ષાત્કાર ! અર્થનો સરળ ઉઘાડ ! શબ્દાર્થ ખૂલતાં જ એનો મર્મ હૃદયમાં ઊતરી જાય. એટલે સમજૂતિનો સ્પર્શ ન સહી શકે એવું એનું નાજુક સ્વરૂપ હોય છે. -જાણે લજામણીનો છોડ !

આ પદની પહેલી જ પંક્તિ 'મને તો ગુરુમુખી બનાવો' અર્થાત્ શશીમુખી-સૂર્યમુખી-તારામુખી-સુમુખી-કોઈ કરતાં કોઈ મુખી નહીં, કેવળ 'ગુરુમુખી'-ગુરુદર્શનથી ખિલે-વિકસે એટલું જ નહીં, પોતાની હયાતિ જ એમના વડે સિદ્ધ થાય. સાથેસાથે ગુરુને પ્રગટાવવા કાજ પોતે જીવનમંચ બનવા તૈયાર છે.

ગુરુ પૂર્ણ પ્રાગટ્ય પામે અને પોતે એમનાં શ્રીચરણે

ઝુકીઝુકીને પાદુકામાં રૂપાંતરિત થઈ જાય અર્થાત્ સદ્ગુરુ મુખ્યાતિમુખ્ય બને અને પોતે ગૌણાતિગૌણ! એ ઊર્ધ્વતમ સ્થાને બિરાજે પોતે નીચામાં નીચે એક ખૂણે રહે!

પોતે સદ્ગુરુવચનો ઝીલવા માટેનું દર્પણ બની રહે અર્થાત્ તેઓશ્રીના શબ્દોના પ્રતિબિંબોને ધારણ કરનારું કેવળ સ્થૂળ સાધન બની રહે. શબ્દનું આગવું-અલગ બિંબ નથી ઉપસાવવું.

સદ્ગુરુનું ચિંતન કરતાં કરતાં ચિત્ત એવું એમનામય થઈ જાય કે પોતે અલગ ન રહેતાં, ગુરુસ્વરૂપમાં સમાઈ જાય, એકાકાર થઈ જાય.

છેવટે સર્વેશ્વરી 'કર જોડી' પ્રાર્થે છે : અર્થાત્ અત્યાર સુધી જે જે ચાહ્યું-ઇચ્છ્યું એ મુખથી કહ્યું. હવે બે હાથ જોડી પ્રાર્થે છે, યાચે છે, વીનવે છે (સંનિધિસુખ આપો એમ નહીં) 'મા' જો બધી રીતે પાત્ર લાગે, અધિકારી લાગે તો એને 'સંનિધિસુખ અપાવો.' વિનમ્રતા તો 'મા'ની જ!

ટૂંકમાં, સાચા શિષ્ય સદા ગુરુમુખી-ગુરુને અભિમુખ રહેવા ચાહે, (ગુરુનું મુખ બની, ગુરુનો પ્રતિનિધિ બની અન્ય પર હકૂમત કરવા કદી ન ઇચ્છે) અને એ માટે સંપૂર્ણ 'જાતવિમુખ-જગતવિમુખ' બનવું પડે, તો એ માટે તૈયાર છે.

કોઈપણ રીતે, કોઈપણ રૂપે 'મા'ની ગુરુમુખી બની રહેવાની આ અભીપ્સામાં (જેમાં પોતાના અસ્તિત્વનો એકેએક અંશ સમર્પિત છે) એક 'સત્ય' ઝળહળ છે : અને તે એ કે, 'ગુરુથી દૂર થવું અસ્વાભાવિક, એની પાસે હોવું સ્વાભાવિક. કારણ કે 'એ એમના "પ્રાણનો પ્રાણ"' છે.'

—તંત્રી



# ॥ કબીર એટલે કબીર ॥

આશરે છસો વર્ષ પહેલાં ભારતીય કવિતાના ઈતિહાસમાં એક એવો પ્રતિભાસૂર્ય ઝળહળ્યો કે જે હતો. મધ્યકાલીન; પણ આજ પર્યન્ત સર્વકાલીન વાણીનાં રવિ-રશ્મિ પ્રસારી રહ્યો છે. જેના એકે એક પદ, સાખી, દુહામાં મહામંત્રની શક્તિ રહેલી છે એ કવિવરનું નામ છે કબીર.

'કબીર'નો અર્થ જ 'મહાન' કે 'શ્રેષ્ઠ' થાય છે. એટલે કબીર એનું વિશેષ નામ જ નહીં, પરિચય બની જાય છે. કબીરના જન્મ-જીવન-જીવનકાર્ય-સંદેશ-દેહવિલય સર્વમાં એની મહાનતા જ ગોચર થાય છે. જન્મ બ્રાહ્મણને ઘેર, ઉછેર મુસલમાન વણકરને ઘેર! જે હતા નિરક્ષર પણ એમના શ્રીમુખે સરસ્વતી એવી વહી કે શિષ્યો લિપિબદ્ધ કરીને તો જ્ઞાનીઓ-ભક્તો-રસજ્ઞો એના અર્થ-મર્મ ગ્રહી, અભણ જનો એનાં ભજનો સુણી ધન્ય-ધન્ય થઈ ગયાં.

'જાતિ પાંતિ પૂછૈ નહીં કોઈ હરિ કો ભજૈ સો હરિ કા હોઈ'નો મંત્ર ગુરુ રામાનંદ પાસે લઈ, કબીરની 'ચેતનાનો મહાધોધ' એવો છૂટ્યો કે કોઈ પણ વાદ, સંપ્રદાય, માન્યતા, અંધશ્રદ્ધામાં એ ન અટક્યો. અલબત્ત એણે નિખાલસતાથી કબૂલ્યું કે,

'મસિ કાગજ છુઆ નહીં, કલમ ગ્રહી નહીં હાથ'

છતાં આત્મપ્રતીતિથી કહ્યું, 'લિખાલિખીકી હૈ નહીં,

દેખાદેખીકી બાત.' અને એની સ્વાનુભૂતિને આધારે ૪૦ જેટલા ગ્રંથો અભ્યાસીઓએ પ્રસિદ્ધ કર્યા ! સેંકડો વર્ષો, હજારો કંઠોની યાત્રા કરી ચૂકેલી 'કબીરવાણી' આજે એવું રૂપ ધારી ચૂકી છે કે એના મૂળ સ્વરૂપની ભાળ મળવી અસંભવિત છે.

★ 'ઈશ્વર તો ભીતર જ છે' એ વાત સીધીસટ કહી :
'સાંઈ તેરા તુઝમેં જ્યોં પુષ્પન મેં બાસ.'

★ હિંદુ-મુસલમાન બેઉને સાફ કહી દીધુંઃ-
'ના મૈં દેવલ, ના મૈં મસજિદ, ના કાબે-કૈલાસમેં'

★ મૂર્તિપૂજાના અંધશ્રદ્ધાળુઓને સંભળાવી દીધું :
'જો પથ્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજું પહાડ.'
'મસ્જિદ મુલ્લાં બાંગ પુકારે મેરા સાહબ ક્યા બહેરા હૈ ?'

એ ઉપાલંભ આપ્યા બાદ પરવરદિગારની અસીમ-અહૈતુકી કરુણાનું જે સૂક્ષ્મ-અદ્ભુત કલ્પન એમણે આપ્યું છે તે અનુપમ છે : 'ચિઉંટીકે પગમેં નેપર બાજે સો ભી સાહબ સુનતા હૈ।'

કબીરવાણીમાં વરતાતી વ્યંગની તેજાબી ધારામાં એની કવિતાની ઇતિશ્રી નથી, એના દ્વારા દંભ, પાખંડ, ધર્માંધતા પર કુઠારાઘાત કરી એને સત્યનિષ્ઠ આચાર-વ્યવહારની પ્રતિષ્ઠા કરવી છે. એટલે જ એ પરમતત્ત્વની પહેચાન કરાવનાર સદ્ગુરુની મહત્તા કરે છે : 'સાર-સાર કો ગ્રહી રહે, થોથા દેઈ ઉડાય' એવા ગુરુ થકી 'બાહર ભીતર સકલ નિરંતર ગુરુ પરતાપે દીઠા જો.' અદ્વૈતભાવ વર્ણવતી કબીરવાણી અત્યંત લાલિત્ય ધારે છે :



'પ્રીતમ કો પતિયાં લિખું, જો કહું હોય વિદેસ
તનમેં મનમેં નૈનમેં તાકો કહાઁ સંદેસ !'

પ્રેમ બાડી ન ઉપજે. જેને જોઈએ એ 'સીસ દેહિ લઈ જાય.' એમ કહી, આત્માનું ઐશ્વર્ય નિરંહકારીને વરે છે. એ બાબતમાં કબીર અસંદિગ્ધ છે, સ્પષ્ટ છે.

સૌથી વિશેષ તો કબીરની સમગ્ર કાવ્યસૃષ્ટિ તેમજ તત્ત્વદર્શનનો નિષ્કર્ષ છે : 'સંતો સહજ સમાધિ ભલી' પદમાં. જેમાં જીવન અને અધ્યાત્મ એમ નહીં, જીવન એ જ અધ્યાત્મ બને, જેમ ફૂલમાં સહજ સુગંધ !

જીવનયોગ, અધ્યાત્મની દીક્ષા-મંત્રદીક્ષા, કાવ્યદીક્ષા અર્પનાર 'કબીર સાચે જ કબીર છે.'

—પ્રૉ.ટી.વાય.દેસાઈ

**'જો કછુ કરું સો પૂજા**
**જહં જહં જાઉં સોઈ પરિકમ્મા**
**જો કછુ કરું વો સેવા**
**જબ સોઉં તબ કરું દંડવત્**
**પૂજું ઔર ન કોઈ દેવા**
**કરું સો નામ સો સુમિરન**
**સાધુ સહજ સમાધિ ભલી.'**

—કર્મહીન જડતા નહીં પણ કર્મની ધારામાં સદાય અવિચ્છિન્ન શાંતિ, જેમાં અહમ્-મમનું ખેંચાણ નથી એવી સહજધારા.

# ॥ શ્રી રમણની વિરોધી સાધુઓ પરત્વે ઉદાસીનતા ॥

'મનુષ્યોની સઘળી દુર્વૃત્તિઓ એમના અહંકારની આસપાસ કેન્દ્રિત હોય છે.' એમ કહેનાર શ્રી રમણ મહર્ષિ કોઈનું અમંગળ કરવાની કલ્પના પણ કરી શકતા નહીં. અરુણાચલ પર વસતા સાધુઓ મહર્ષિની મહત્તા સમજીને તેમને આદર આપતા. પણ કેટલાક સ્વાર્થી, સંકુચિત અને અજ્ઞાની માણસો એમનો વિરોધ કરતા.

એમાંના એક સાધુએ મહર્ષિને ડરાવી ભગાડવાનો નિર્ણય કર્યો. એણે પર્વત ઉપરથી એક ભીમકાય પથ્થર ગબડાવ્યો, પણ મહર્ષિને ઈજા પહોંચાડ્યા વિના એ પસાર થઈ ગયો. એ સાધુ મહર્ષિને ભગાડવા કૃતનિશ્ચય હતો એટલે ફરી એ પથ્થર ગબડાવવા ગયો પણ મહર્ષિએ એને પકડી લીધો. છતાં એને શરમ ન આવી.

મલ્લસ્વામી સાધુ શાસ્ત્રોનો અભ્યાસી હતો, કેટલીક ભાષાઓ જાણતો હતો એનું વ્યક્તિત્વ પણ પ્રભાવક હતું. એ મહર્ષિનો પ્રભાવ જોઈ જલ્યા કરતો અને એમને હેરાન કરવાની કે કષ્ટ પહોંચાડવાની યોજનાઓ કરતો.

મહર્ષિનાં દર્શને જનારને એ કહેતો : 'એના દર્શન માટે શા માટે જાવ છો ? એ તો હજુ છોકરો છે ને મારો શિષ્ય છે.'

શહેરમાંથી મેવા-મિઠાઈ લાવી અપરિગ્રહી મહર્ષિ આગળ



મૂકીને કહેતો; 'તારે માટે ખાસ આ ખરીદી લાવ્યો છું ભાઈ ! તું એને ગ્રહણ કર એટલે મને શાંતિ થાય.'

દર્શનાર્થીઓને મહર્ષિનો પરિચય કરાવતાં કહેતો કે; 'મારા શિષ્યો તો અનેક છે. પરંતુ આની ઉપર મને વિશેષ પ્રેમ છે. આકાશમાં તારાઓ અનેક હોય છે. પણ તે કાંઈ ચંદ્રની તોલે આવે ? આ ચંદ્ર છે. પરંતુ હું તો સૂર્ય છું સૂર્ય.'

મહર્ષિ એની દુષ્ટતાને જાણતાં છતાં મૂક અને શાંત રહેતા. એટલે એક દિવસ તો એણે ઉદ્ધતાઈથી મહર્ષિને કહ્યું; 'તું મારો માનીતો શિષ્ય છે, એવો પ્રચાર કરીને લોકો પાસેથી થોડાક પૈસા કમાઈ લઉં તેમાં તને શી હરકત છે ?'

એકવાર વળી પાછો મહર્ષિ પાસે આવી કહેવા માંડ્યો. 'નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કેવી રીતે થાય તે તને બતાવું'ને મહર્ષિનો હાથ પકડીને ગુફાની બહાર લાવી; અડધા કલાક સુધી હેરાન કર્યા.

પછી મહર્ષિને કહે; 'મેં તને અનેક સિદ્ધિઓ આપી છે. એના પ્રભાવથી જ તને અસાધારણ માન મળતું રહ્યું છે. હવે એ સિદ્ધિઓ પાછી લઈ લઉં છું. તારો બધો મહિમા એથી ઘટી જશે. તારો પ્રભાવ શમી જશે. હું તને શાપ આપું છું.'

અરુણાચલ પર આસુરી સંપત્તિના સાકાર સ્વરૂપ સરખો એક બીજો સાધુ હતો. એનું નામ મહાસ્વામી હતું. એ વેદાંતના વિવિધ ગ્રંથોનો અભ્યાસી હતો અને મંત્રતંત્રમાં નિષ્ણાત હતો. એ સંગીતનો પણ જાણકાર હતો. એને કારણે એ અહંકારી અને આડંબરી બની ગયેલો. એ બધાંને કહેતો ફરતો કે; 'મહર્ષિમાં કોઈ પ્રકારની

યોગ્યતા નથી દેખાતી. એ તો મૂર્ખ છે. એનામાં જ્ઞાન હોય તો બોલે ને ? અજ્ઞાની મૌન ના રાખે તો બીજું કરે પણ શું ?'

એકવાર એ મહર્ષિને કહે; 'તારા કલ્યાણ કાજે કરુણાથી પ્રેરાઈને ભગવાને મને રાત્રે સ્વપ્નમાં દર્શન આપીને તને દત્તાત્રેયનો મંત્ર આપવાની આજ્ઞા કરી છે.' મહર્ષિએ જણાવ્યું; 'ભગવાને તમને આદેશ આપ્યો એ સાચું, પણ મને હજુ આદેશ ક્યાં આપ્યો છે ?' મહાસ્વામી આ તર્કનો ઉત્તર ન આપી શક્યો. છતાં બોલ્યો; 'મંત્ર મોટો નથી, નાનો છે. માટે લઈ લે.' પરંતુ મહર્ષિએ મક્કમ સ્વરે કહ્યું; 'મને મંત્રજપની જરા પણ ઈચ્છા નથી.'

આ સાંભળી મહાસ્વામીને ભારે નિરાશા થઈ. એનો વેરભાવ વધી જતાં ઉશ્કેરાઈ બોલી બેસતો; 'એનામાં દર્શન કરવા જેવું છે જ શું ? એ તો તદ્દન સામાન્ય છે.'

પણ એકવાર એને ધ્યાનમાં મહર્ષિની મૂર્તિ દેખાઈ ને 'સાવધ રહેજે. ભ્રમણામાં ન પડતો.' કહીને અદૃશ્ય થઈ ગઈ. એ અનુભવ પછી એ મહર્ષિને મળ્યો અને હકીકત કહી. ત્યારે મહર્ષિએ કહ્યું; 'મને કોઈ શક્તિ કે સિદ્ધિની ખબર નથી પણ તમારા માટે મારા મનમાં કોઈ બૂરો વિચાર કે ભાવ નથી ઊઠતો.'

ઈ.સ.૧૯૧૬ દરમ્યાન કેટલાક સાધુઓએ મહર્ષિને અરુણાચલ પર્વત પરથી હટાવવાનો ઘાટ ઘડ્યો. એમની એક ટોળી મદિરાપાનથી મસ્ત બનીને મહર્ષિને કહેવા લાગી; 'અગસ્ત્યમુનિએ તમને શ્રીરંગના સિદ્ધોની સભામાં ને પછી એમને ત્યાં પહોંચાડવાની આજ્ઞા કરી છે ને કહ્યું છે કે; 'તમારા શરીરમાં રહેલાં અશુભ તત્ત્વો તમારી ઉન્નતિમાં બાધા પહોંચાડે



છે.' એ તત્ત્વોને તેઓ નષ્ટ કરીને તમને દીક્ષા આપશે.'

આ સાંભળી ત્યાં બેઠેલા પેરુમાલ સ્વામી ઉશ્કેરાઈને બોલી ઊઠ્યા કે; 'ભગવાને અમને પણ તમારા આવવાની બાતમી આપી સૂચના આપી છે કે, 'તમે બધા આવો એટલે તમને બાળી નાંખવા.' અરે મસ્તાન ! આ બધા આવી ગયા છે તો ખાડો ખૂબ મોટો ખોદજે.' -આ સાંભળી શરાબી સાધુઓ અદૃશ્ય થઈ ગયા.

આમ, વિરોધી-વેરભાવયુક્ત સાધુઓનું મહર્ષિની સર્વોત્કૃષ્ટ સાત્ત્વિકતા આગળ કશું જ ચાલ્યું. આ સઘળા પ્રસંગો દરમિયાન મહર્ષિ સંપૂર્ણ સ્વસ્થ રહ્યા. શ્રી રમણમહર્ષિમાં અહંકારમાં નિહિત આત્મતત્ત્વને નિહાળવાની સહજ દૃષ્ટિ હતી, એટલું જ નહીં, દ્વૈતભાવનો સંપૂર્ણ અભાવ હતો.

—'અરુણાચલના સંત'

શ્રીરમણ મહર્ષિ

જો કોઈ કોદાળી અને ટોપલો લઈને કહે કે; 'આ આખીય પૃથ્વીને હું ખોદીને ફેંકી દઈશ. અને બીજો એમ કહે કે; હું આખાય આકાશને હળદર-મજીઠ-લાખના રંગથી રંગી નાખીશ.' અને ત્રીજો એમ કહે કે, 'આ ઘાસનો પૂળો સળગાવીને હું આખીય ગંગાનદીને બાળીને ભસ્મ કરી નાખીશ.' તો આ બધા મનુષ્યોના મૂર્ખામી ભરેલા પ્રયત્નોની પૃથ્વી, આકાશ કે ગંગાનદી પર કોઈ અસર થવાની નથી. એવી જ રીતે બીજાના કુવચનોની અસર તમારા પર સહેજ પણ પડવી જોઈએ નહીં.

—'બુદ્ધની અમૃતવાણી'

# ॥ ધર્મ અને અધ્યાત્મ ॥

આ દેશમાં 'ધર્મ' અને 'અધ્યાત્મ' આ બંનેની બાબતમાં એક બહુ જ ખોટી, ભૂલભરેલી, ગેરસમજભરી ધારણા છે. ધર્મ અધ્યાત્મ નથી. ધર્મ અલગ છે, અધ્યાત્મ એનાથી નિતાન્ત ભિન્ન છે.

જળનો ધર્મ છે વહેવું. પૃથ્વીનો ધર્મ છે સ્થિર રહેવું. અગ્નિનો ધર્મ છે ઉષ્ણતા આપવી. એવી રીતે મનુષ્યનો ધર્મ છે ચિંતન કરી, મનન કરી, જે ઉપાદાન એને મળ્યું છે, જે શરીર મળ્યું છે, જે બુદ્ધિ મળી છે, જે મન મળ્યું છે, જે કંઈ પ્રભુ તરફથી મળ્યું છે.-આપવામાં આવ્યું છે, પ્રકૃતિ તરફથી મળેલું છે; એનો સમ્યક્ ઉપયોગ કરવો. આ તો ધર્મ થયો. એનો અધ્યાત્મથી કોઈ નાતો નથી.

ચેતન મનની શક્તિઓ છે. અચેતન મનની શક્તિઓ છે. ચેતન-અચેતનથી પણ ઊંડે અવચેતન છે. એમાં પણ અનંત શક્તિઓ છે, એ શક્તિઓના વિકાસનો સંબંધ ધર્મ સાથે ભલે હોય, અધ્યાત્મ સાથે નથી.

'સુખની ખોજ' પણ અધ્યાત્મ નથી. શરીર-મનને અનુકૂળ સંવેદના મળે તો એને સુખ કહીએ છીએ. પ્રતિકૂળ સંવેદના થાય તો એને દુઃખ કહીએ છીએ. સુખદુઃખ ન જીવનનાં તથ્ય છે, ને એની ખોજ જીવનનું પ્રયોજન છે.

નિષેધની વાત નથી કરતી. બિલકુલ નહીં. શરીરના વિકાસ માટે, મન-બુદ્ધિના વિકાસ માટે સાધનો ઊભાં કરવાં



એનો સમાવેશ ધર્મમાં છે, પણ આ સાધનોથી સજ્જ જીવન આધ્યાત્મિક ન મનાય. નહીં તો આજે જ્યાં ભૌતિક જીવન સુખોની એક ચરમસીમા પર પહોંચી ચૂક્યું છે એ દેશોમાં જીવન સ્વસ્થ હોત. જે સમાજમાં શારીરિક-માનસિક આવશ્યકતાઓની નિંદા થતી હોય એ સમાજે જીવનને સમગ્રતામાં જોયું નથી. જીવનમાં નિષેધને માટે અવકાશ જ નથી. અભિમુખતા જીવન છે, વિમુખતા મોત છે. પણ સુખની ઉપલબ્ધિને અધ્યાત્મ માની લઈશું તો મોટા ભ્રમમાં ફસાઈ જઈશું.

ભીતર જિજ્ઞાસાનો જન્મ ન થયો હોય, ધર્મમાં, નીતિમાં અને સુખમાં જ જેને આંતરિક પરિતૃપ્તિ થઈ જાય છે એને માટે સત્સંગ-પ્રવચન નિરર્થક છે. એટલે પહેલી ખોજ એ કરવી જોઈએ કે, 'મને જીવનમાં અધ્યાત્મની જરૂર છે?' જીવનનો આ જે એક 'નવો આયામ છે; જે નથી શારીરિક, નથી માનસિક કે નથી બૌદ્ધિક, એ આયામની મારે જરૂર છે?'

અધ્યાત્મની આપને જરૂર છે? શી જરૂર છે? કેમ જરૂર છે? એના વિના નથી જીવી શકાતું એવી કોઈ તડપ ભીતર છે? બેચેની છે? કે બેચેની નથી, અસંતોષ નથી, પણ ભૌતિક સુખોથી ઉબાઈ ગયા છો? તો એ ઉદ્વેગમાં કોઈ કોઈ વાર અધ્યાત્મમાં ડોકિયું કરવાની ઇચ્છા થાય છે?-આ જિજ્ઞાસા નથી. સફળતાના ઝૂલા પર ઝૂલતાં-ઝૂલતાં અસફળતાનો ધક્કો લાગ્યો તો પછી એનાથી વિરત થઈ બીજું સુખ શોધવા લાગ્યા, પણ જોઈએ સુખ જ, આ જિજ્ઞાસા નથી.

અધ્યાત્મ-જિજ્ઞાસા એક એવો પવિત્ર અગ્નિ છે જે આખા જીવનના આંતર-બાહ્ય બંનેને જલાવી દે છે.

હું જ્યારે હજારો લોકોને પ્રવચનોમાં જતાં જોઉં છું, મંદિરોમાં જતાં જોઉં છું. મસ્જિદોમાં નમાજ પઢતાં જોઉં છું. તો હું ભીતર ને ભીતર કંપી ઊઠું છું કે; 'હે પ્રભુ ! આ બધા લોકો પોતાના જીવન પ્રતિ શો ખેલ ખેલી રહ્યાં છે ?' આ ખેલ છે કેમકે, એકવાર જો અધ્યાત્મનો સ્પર્શ થઈ જાય તો સવાલ ઊઠે છે કે, 'આ અનેકતાની ભીતર કોઈ એકતા પ્રવાહિત થઈ રહી છે કે નહીં ? આ જે સુખ મળે છે એ સુખનો જન્મ ક્યાં છે ? વિષયમાં છે કે ઇન્દ્રિયોમાં ? જેને સહારે આ શ્વાસ લેવાઈ રહ્યો છે એ શ્વાસોચ્છ્‌વાસની ક્રિયા કરનારી શક્તિ કોણ છે ? આ ઊર્જા કઈ છે ?...એકવાર જો આ પ્રશ્ન ઊઠ્યા તો આ પ્રશ્નોનું ઊઠવું જ આપણા જીવનનું જે સ્થગિત-જડતત્ત્વ હશે તેને ઊલટાવી-પલટાવી ફગાવી દેશે.'

એવું ન થઈ શકે કે સત્યની જિજ્ઞાસા હૃદયમાં જાગ્રત થાય અને જીવન જેવું જિજ્ઞાસાના જન્મ પહેલાં ચાલતું હતું એવું જ ચાલે. અસંભવ. એમ થઈ જ ન શકે. અને જો એમ થાય તો માની લેવું કે, આ જિજ્ઞાસા નથી. આ સમસ્ત પ્રાણનો પોકાર નથી. આ સમગ્ર વ્યક્તિત્ત્વની ક્ષુધા નથી. એક બૌદ્ધિક કે માનસિક અનુરંજનનો પ્રકાર છે.

તો ઉપભોગની આકાંક્ષા એક વસ્તુ છે, જિજ્ઞાસા બીજી વસ્તુ છે. નવા નવા વિચારોની બુદ્ધિને માટે એટલી જ લાલસા થઈ શકે. જેટલી આજકાલનાં છોકરા-છોકરીઓને નવાંનવાં કપડાંની હોય ! વસ્ત્રોનો શોખ અને વિચારોનો શોખ-એ બેમાં બહુ ફેર નથી.

સ્થૂળનો સંગ્રહ તો એકવાર છૂટી જાય. પણ સૂક્ષ્મનો સંગ્રહ



તો એવો ચોંટી જાય છે કે ચામડી ઉતરડવી પડે ત્યારે નીકળે. કેમકે આ વિચારોના સંગ્રહમાંથી જે એક 'વ્યક્તિત્વ'-'Personality' બને છે એને આપણે આપણું 'સ્વ-રૂપ' સમજવા લાગીએ છીએ. કોઈ ગમે તેટલું નાદાન કેમ ન હોય 'હું વસ્ત્ર છું' એમ તો નહીં માને. 'હું ધન છું' એમ પણ નહીં માને. 'હું મકાન છું' એમ નહીં માને. મકાન છૂટી શકે છે, ધન છૂટી શકે છે પણ વિચાર અને ભાવના એનો જે સંગ્રહ છે એ એવો ચીપકી જાય છે જેમ આપણા હાડકાં પર વળગેલી ચામડી !

વિચારો, સંસ્કારો, ભાવનાઓ કે સંતોની અનુભૂતિઓનો સંગ્રહ એ અધ્યાત્મ નથી. આ સંગ્રહ બહુ ઘાતક નીવડી શકે.

આજે તો આધ્યાત્મિક ખોજ પણ ફેશન બની ગઈ છે. ઈશ્વર આવી ખોજથી તમને બચાવે. એટલે જાતને પૂછો કે, 'મારે અધ્યાત્મની જરૂર છે ? આ જિજ્ઞાસા હોય તો એની પૂર્તિ માટે પરિશ્રમ કરવાની મારી તૈયારી છે ? સમાજમાં પરિશ્રમ વિના ચાર કોડી નથી મળતી પણ અધ્યાત્મ વિના પરિશ્રમે આપણને જોઈએ છે !'

આત્માની ઉપલબ્ધિ, સત્યની ઉપલબ્ધિ પરિશ્રમ વિના અસંભવ છે. આમાં કોઈ 'શોર્ટ કટ' નથી, 'ફોર્મ્યુલા' અને 'બ્લ્યુ પ્રિન્ટસ' નથી. અહીં એવું આદાન-પ્રદાન નથી કે ગુરુ બનીને શિષ્યને કંઈ અપાય.

હા, એમ થઈ શકે કે આત્મજ્ઞાનીના સહવાસમાં જો જિજ્ઞાસુ જાય તો એ વ્યક્તિની અંદર આનંદના જે હિલોળા ઊઠતા રહે છે, એનાં તુષાર જિજ્ઞાસુ સુધી પહોંચી જાય. બગીચામાં ફૂલ છે તો એની સુગંધ તમારા સુધી પહોંચે છે તો આત્મજ્ઞાનીના

સહવાસમાં આનંદ, શક્તિ અને પ્રસાદના તુષાર આપને કેમ નહીં મળે ?

પણ અધ્યાત્મના ક્ષેત્રમાં એવી કોઈ વ્યવસ્થા નથી કે એક વસ્તુ ઉઠાવી આપના હાથમાં મૂકી દેવાય. અહીં ઉધારીનો સોદો નથી. ન જિજ્ઞાસા ઉધાર લેવાય ન એની પૂર્તિ ઉધાર લઈ કરી શકાય. એ તો ભીતર ખોજી અનુભૂતિ સુધી સ્વયં પહોંચવાની ચીજ છે.

આમ, અધ્યાત્મ જીવનનો એક નવો આયામ છે, નવું પરિમાણ છે. આપને થશે કે આપણે સમાધાન કરી લઈશું. શારીરિક, માનસિક, બૌદ્ધિક ઉપભોગના ક્ષેત્ર સાથે આને જોડી દઈશું, પણ આજસુધી એમ થઈ શક્યું નથી. કારણ કે, આ અધ્યાત્મ બધું ભસ્મ કરી દેનારી જ્વાળા છે. જે વ્યક્તિત્વને આપ બનાવતા આવ્યા છો તેને એ ચૂર-ચૂર કરી દેશે. હું ચેતવું છું તમને ! આ અગ્નિની દાહકતામાંથી પસાર થઈને જીવવાનું સાહસ થાય તો પછી જે આપનું 'સ્વ-રૂપ' છે, એ 'સ્વ-રૂપ'માં પ્રતિષ્ઠા થશે; પણ એમાંથી ગુજરવું તો પડશે જ.

—વિમલા ઠકાર

કોઈએ ભક્ત રવુભાને પૂછ્યું કે; 'બાપુ, અમારું મન સંસારમાં રાચે છે, ભક્તિ કેવી રીતે કરવી ?' હસીને બોલ્યા; 'લ્યો ! શું પૂછ્યું તમે ? ઇન્દ્રિયો આમ જાય છે ને એમને આ બાજુ વાળી લેવી. થઈ ગઈ ભક્તિ ! અધ્યાત્મનો કોઈ મોટો ચાડિયો ઊભો કરવાની જરૂર નથી.'

—'સત્સંગસંનિધિ'



# ॥ દૈવી શક્તિનું અવતરણ ॥

દૈવી શક્તિનું અવતરણ શક્ય છે ખરું ? દૈવી શક્તિનું અવતરણ સાધનાના માર્ગમાં શક્ય છે એમ કહેવાને બદલે, એ શક્તિની સાથેનો સંબંધ અને એની સાથેની એકતા અથવા એકરૂપતા શક્ય છે એમ કહેવું જોઈએ, એ વધારે ઉચિત લાગે છે.

દૈવી શક્તિનું અવતરણ થાય છે એવો શબ્દપ્રયોગ કરવાને બદલે, સાધક પોતાની સાધનાના માર્ગમાં એ શક્તિનો સંપર્ક સાધી શકે છે, એનો સાક્ષાત્કાર કરે છે, અને એની સાથે એકરૂપ બનીને અખંડ એકત્વનો અનુભવ કરે છે, એવી વાક્યરચના કરવાથી મૂળ વિષયનું રહસ્ય સરળતાથી સમજવામાં મદદ મળે છે.

જે દૈવી શક્તિનો નિર્દેશ અહીં થઈ રહ્યો છે તે શક્તિ મન અને બુદ્ધિથી અતીત છે. મન અને બુદ્ધિની પારના પ્રદેશમાં પહોંચવાથી એનો સાક્ષાત્કાર થઈ શકે છે. અને ગમે તે નામ આપો : અતિમનસ, પરમચેતના, સર્વોપરી શક્તિ, જગદંબા, કૃપાળુ મા વગેરે નામે એને સંબોધો, મૂળભૂત રીતે તો એ શક્તિ 'એક' જ છે.

સાધક પોતાની જન્મોજન્મની વ્યક્તિગત સાધનાના અભ્યાસથી તેમજ એ 'જગદંબા'ની કૃપાથી, પોતાની અંદર રહેલી એ પરમ દિવ્ય શક્તિના સંપર્કમાં આવે છે. ભારતીય

ધર્મસાધનામાં બધા જ પ્રામાણિક સાધકોનું એ આધ્યાત્મિક ધ્યેય રહ્યું છે. એને પરમાત્માનો સાક્ષાત્કાર અથવા તો આત્મદર્શન પણ કહેવામાં આવે છે.

ભારતીય ધર્મ અને સાધના પરમાત્માના સાક્ષાત્કારમાં તો માને જ છે, એનો પોતાના આધ્યાત્મિક ધ્યેય તરીકે સ્વીકાર પણ કરે છે, પરંતુ એટલામાં જ એ પરિતૃપ્ત કે કૃતાર્થ થઈને બેસી રહેતી નથી. એટલે કે ભારતીય ધર્મ અને સાધનાએ પરમાત્માના અથવા તો પરમ શક્તિના સાક્ષાત્કારથી અટકવાને બદલે, એથી આગળ વધીને, એ દિવ્ય શક્તિ સાથેની એકરૂપતાની સિદ્ધિ કરવાનું ધ્યેય નજર સમક્ષ રાખ્યું છે.

આ સંદર્ભમાં શ્રી રામકૃષ્ણ પરમહંસદેવની અવસ્થા એકદમ અનેરી હતી. પરમેશ્વરની એ દિવ્યશક્તિને તેઓ માતાતુલ્ય માનતા અને માતૃભાવે જ ભજતા. એ દિવ્ય ભાવમાં દિવસો સુધી ડૂબકી લગાવીને એમણે એ દિવ્ય ઈશ્વરશક્તિ જગદંબાનું દર્શન કર્યું. સંસારમાં સર્વવ્યાપક થઈને શ્વાસ લેનારી એ શક્તિ એમના પ્રબળ પ્રેમથી પ્રાદુર્ભાવ પામીને એમની આગળ પ્રકટ થઈને દૃષ્ટિગોચર બની હતી. મન અને બુદ્ધિથી જ નહીં પરંતુ ચક્ષુ જેવી બીજી ઇન્દ્રિયોથી એનો રસાસ્વાદ લઈ શકાય એવી રીતે મૂર્ત બની હતી.

'જગદંબા' એ કૃપા કરીને શ્રી રામકૃષ્ણ પરમહંસદેવને દર્શન તો આપ્યું, પરંતુ એ દર્શન તો ચપલાના ચમકારા જેવું ક્ષણજીવી અથવા અસ્થાયી હતું. શ્રી રામકૃષ્ણદેવને માત્ર એવા દર્શનથી જ સંપૂર્ણ શાંતિ કેવી રીતે સાંપડી શકે ? 'જગદંબા'નું



એ મનમોહન, મધુમય સ્વરૂપ આઠે પહોર પોતાના લોચનની સામે હાજર રહે, એટલું જ નહીં એ 'જગદંબા'ની કૃપાથી પોતાનું સંપૂર્ણ રૂપાંતર શક્ય બને, એ ભાવનાથી પ્રેરાઈને શ્રી રામકૃષ્ણદેવે ફરીવાર તપવા અને પ્રાર્થવા માંડ્યું. એમની એ ઉત્કટ પ્રાર્થના તથા તપશ્ચર્યાના ફળસ્વરૂપે 'જગદંબા'ની પરમ કૃપા થકી, એ દિવ્ય શક્તિનું અવતરણ એમના જીવનમાં કાયમને માટે થઈ ગયું.

દૈવી પરમાત્મશક્તિનું અવતરણ એવી રીતે એક વાસ્તવિક વસ્તુ છે. એવા અવતરણની પૂર્વભૂમિકારૂપે હૃદયની ઊંડી શુદ્ધિ જોઈએ, લગન જોઈએ, સાધના જોઈએ અને એથી પણ અગત્યની વાત તો એ છે કે એ 'જગદંબા'ની કૃપા જોઈએ.

એ દિવ્ય શક્તિનો સાક્ષાત્કાર થયા પછી એની સાથે એવો અલૌકિક સંબંધ સ્થાપિત થાય છે કે એ શક્તિ આપણામાં આવિર્ભાવ પામીને ચોવીસે કલાક કામ કરે છે. તે આપણે માટે માત્ર સમાધિ અવસ્થાની પારના પ્રદેશમાં અનુભવવાની શક્તિ નથી રહેતી પણ, જાગૃતિ અવસ્થાના પ્રત્યેક પાસામાં ને પ્રત્યેક પળે એનો સભાન સંપર્ક અને કાર્ય થયા કરે છે. આપણી અંદર સ્થાપિત થઈને એ બોલે છે અને પ્રત્યેક કાર્ય કરે છે.

મન અને બુદ્ધિથી પરના 'અતિમનસ' પ્રદેશમાંથી અવતરણ પામેલી એ દિવ્ય ભગવતી શક્તિ ભાગીરથીની જેમ આપણા તન, મન અને અંતરને, આપણા અસ્તિત્વના પ્રત્યેક કોષના અણુપરમાણુને અનુપ્રાણિત અને પાવન, તથા પ્રસન્ન અને મંગલમય કરતી બધે ફરી વળે છે.

એ પરમ દિવ્ય શક્તિનું અવતરણ થવાથી તન અને મન અલૌકિક બની જાય છે અને અસાધારણ શક્તિથી સંપન્ન થાય છે. માણસની સાતત્યપૂર્વકની સાધના અને 'જગદંબા'ની કૃપાથી સાધકમાં એ પરમ શક્તિની બધી જ વિશેષતાઓ મૂર્તિમંત બનીને પ્રકટ થાય છે. એક રીતે જોતાં એ મહામહિમામયી પરમ દિવ્ય શક્તિનું સજીવ સાકાર સ્વરૂપ જ બની જાય છે.

પરમ શક્તિ સાથે સતત સંપર્ક સાધી ચૂકેલા, પરમ શક્તિની પ્રતિમૂર્તિ જેવા એ મહામાનવની (અતિમાનવની) હયાતિ જ આ સંસારને માટે આશીર્વાદરૂપ ઠરે છે, સુખદાયક અને શાંતિદાયક થઈ પડે છે અને પ્રેરણાદાયક બને છે. માનવસંસાર જે રીતે છે તે કરતાં તેને દૈવી બનાવવામાં અથવા તો એની કાયાપલટ કરવામાં એવા મહામાનવની યોગ્યતા બહુ મોટો ભાગ ભજવે છે. એવા મહામાનવના સંકલ્પ, પ્રયાસ, માર્ગદર્શન તથા સેવાકર્મથી સંસારને અસાધારણ લાભ મળે છે.

—ડૉ. દીપક પંડ્યા

**'હમ જા બસે હૈં ગગનમેં**
**હમ જા બસે હૈં અગનમેં**
**જહાં દિન નહીં, ના રાત હૈ**
**સૂરજ નહીં, ના ચાંદ હૈ**
**નિજ તેજ કે આલોકમેં**
**હમ જા બસે હૈં અગનમેં.'**

—વિમલા ઠકાર



# ॥ શ્રી મા આનંદમયી પ્રસંગ પરાગ ॥

## (ગૃહસ્થાશ્રમ)

નિર્મળાની ઉંમર બારેક વર્ષની થતાં માતાપિતા પુત્રીના વિવાહ અંગે સચિંત થયાં. તેને યોગ્ય મુરતિયાની શોધ શરૂ થઈ. માગાં તો અનેક આવતાં હતાં, પણ કોઈ યોગ્ય પાત્ર જણાતું ન હતું.

પુત્રી માટે સુયોગ્ય પાત્ર ન મળવાથી બિપિનબિહારી ચિંતિત હતા ને શોધખોળ પણ કરતા હતા. એ અંગે તેઓ એકવાર વિક્રમપુર તાલુકાના આટ્ટપાટા ગામે ગયા.

બીજી બાજુ ખેઉડામાં પોતાના ઘરમાં દાદીમા મોક્ષદાસુંદરી સાથે વાતો કરી રહ્યાં હતાં. તે સમયે નિર્મળાના અંતઃચક્ષુ સમક્ષ કોઈ આકૃતિ દેખાઈ. તે બોલી ઊઠી, 'મા, ઠાકુરમા, પોલીસ, દરોગા !'

આ સાંભળી માતા અને દાદીમા ચોંકી ગયાં, પૂછવા લાગ્યાં :

'શું છે એ તો કહે !'

નિર્મળાએ ફરી કહ્યું, 'મા, મેં પોલીસ-દરોગાને જોયા !'

'ક્યાં જોયા ?' માએ પૂછ્યું.

'અહીં ઘરમાં જ.' નિર્મળાએ કહ્યું.

આ સાંભળી બંને ડરી ગયાં. તેમને થયું કે ઘરમાં વળી પોલીસ ક્યાંથી આવે ? દાદીમાને વિચાર આવ્યો કે બહારગામ ગયેલા બિપિનબિહારીને તો પોલીસે પકડ્યો નહીં હોય ને !

(એ સમયે દેશ પર અંગ્રેજી શાસન હતું. બંગાળમાં ભાગલા પછી સરકાર-વિરોધી જોરદાર ચળવળ ચાલતી હતી, એટલે અંગ્રેજો શંકાને આધારે ગમે તેને ગમે તે ગુનામાં સંડોવી પકડી જતા હતા. તેથી દાદીમા ચિંતિત થયાં.)

નિર્મળા તો આટલું બોલીને અન્ય પ્રવૃત્તિમાં પરોવાઈ ગઈ. આથી એની આ વાતને કોઈએ ગંભીર ગણી નહીં.

બિપિનબિહારી ત્રણ-ચાર દિવસ બાદ ઘરે પાછા ફર્યા ત્યારે તેમની સાથે આટપાટ્ટાના સીતાનાથ કુશારી મહાશય પણ હતા. તેઓ ખાસ તો નિર્મળાને જોવા માટે જ આવ્યા હતા. તેઓ પોતાના બીજા નંબરના સાળા રમણીમોહન ચક્રવર્તી માટે ખાનદાન ઘરની સુશીલ, સંસ્કારીને ધર્મપરાયણ બ્રાહ્મણ કન્યાની શોધમાં હતા. નિર્મળા સાથે વાત કરી તેઓ ખુશ થઈ ગયા. તેમને તે પસંદ પડી. આ રીતે રમણીમોહન સાથે નિર્મળાનું સગપણ નક્કી થયું.

રમણીમોહન તે સમયે પોલીસખાતામાં નોકરી કરતા હતા. શિક્ષિત, સંસ્કારી, સૌષ્ઠવપૂર્ણ શરીર ધરાવતા અને કમાતા રમણીમોહન બિપિનબિહારીને પુત્રી માટે યોગ્ય લાગ્યાં. તેથી સંબંધ નિશ્ચિત કર્યો.

ઈ.સ.૧૯૦૯ના ફેબ્રુઆરીની સાતમી તારીખે નિર્મળાનાં લગ્ન નક્કી થયાં. વરરાજાની ઈચ્છા હતી કે જાન કસબાની કાલીવાડી આવે ત્યારે તેનું દબદબાપૂર્ણ સ્વાગત કરવામાં આવે. ત્યાં શણગારેલો હાથી તૈયાર રાખવાનો.

આ પ્રમાણે બધી વ્યવસ્થા કરવામાં આવી. બંગાળી વિધિ



મુજબ લગ્ન થયાં. આ રીતે બાહ્યદૃષ્ટિએ નિર્મળાનાં લગ્ન થયાં, પણ આંતરિક રીતે તે લગ્નબંધનથી તદ્દન મુક્ત જ હતી. લગ્નસમયે તેની વય હતી માત્ર બાર વર્ષ ને દસ માસ ! લગ્ન પછી નવવધૂને લઈ તેઓ શ્રીપુર આવ્યા.

લગ્ન પછી વહાલી પુત્રીને સાસરે વળાવતી વખતે સમજદાર માતાએ શિખામણ આપેલી : 'હવેથી સ્વામીની આજ્ઞાનું પાલન કરવું એ જ તારો પ્રથમ ધર્મ છે.'

ગૃહસ્થજીવનમાં રહી ત્યાં સુધી નિર્મળાએ માતાની શિખામણનું પાલન કર્યું. તેણે પોતાના ગમા-અણગમા, ઈચ્છા-અનિચ્છા, બધું જ આજ્ઞાપાલનમાં ઓગાળી નાંખ્યું.

લગ્ન બાદ જાન નવવધૂને લઈ ખેઉડાથી શ્રીપુર આવવા નીકળી. કસબાના સ્ટેશનથી બધાં ટ્રેનમાં બેઠાં. નિર્મળાને એક ડબામાં બેસાડી. બધો સામાન ત્યાં મૂક્યો. પછી કુશારી મહાશય ને બીજા બધાં નીચે ઊતર્યાં.

થોડીવાર પછી તેમને ખબર પડી કે તેઓ ભૂલથી બીજા ડબ્બામાં બેસી ગયા છે. તેમણે બીજા કમ્પાર્ટમેન્ટમાં જવાનું હતું. ગાડી ઊપડવાની થોડી જ વાર હતી. આટલો બધો સામાન ફેરવવો કેવી રીતે ?

ત્યાં કુશારી મહાશય એકલા જ હાજર હતા એટલે ચિંતાતુર હતા. નિર્મળા તો ઘૂંઘટમાં ઢંકાયેલી બાલિકાવધૂ હતી ! પરંતુ છૂટકો ન હોવાથી તેમણે તેને કહ્યું, 'વહુમા, આપણે બીજા કમ્પાર્ટમેન્ટમાં જવું પડશે. ગાડી ઊપડવાની થોડીક જ વાર છે !'

નિર્મળાએ તરત ઊભા થઈ ઝડપથી સામાન નીચે ઉતારી

લીધો ને એટલી જ ઝડપથી તે સામાન બીજા કમ્પાર્ટમેન્ટમાં ચડાવવા લાગી. ગાડી ઊપડે તે પહેલાં તો બધો સામાન બીજા કમ્પાર્ટમેન્ટમાં ગોઠવાઈ પણ ગયો. તેની શક્તિ ને સ્ફૂર્તિ જોઈ કુશારી મહાશય તો આશ્ચર્યચકિત થઈ ગયા.

પતિનો પરિવાર મોટો હતો. રમણીમોહનને ચાર ભાઈઓ ને પાંચ બહેનો હતાં. બહેનો બધી સાસરે હતી. સંયુક્ત પરિવાર હતો. નિર્મળા આ વિશાળ સંયુક્ત કુટુંબની સેજવહુ બનીને આવી તેથી કુટુંબની ઘણી મોટી જવાબદારી તેના શિરે આવી ગઈ.

લગ્ન પછી તરત જ રમણીમોહનની પોલીસની નોકરી છૂટી ગઈ, તેથી તેઓ નોકરીની શોધમાં ઢાકા ગયા. તેમણે નિર્મળાને મોટાભાઈ રેવતીમોહનના આશ્રયે રાખી.

રેવતીમોહન ત્યારે શ્રીપુરમાં સ્ટેશનમાસ્તર હતા. તેમની પાસે નિર્મળાને ચારેક વર્ષ રહેવું પડ્યું. ચક્રવર્તી પરિવારમાં તે સમયે અગિયાર વ્યક્તિઓ હતી. ઉપરાંત પરણેલી ચાર નણંદો તથા તેમનાં કુટુંબીજનોની અવરજવર પણ સતત ચાલુ રહેતી.

આવા વિશાળ પરિવારની વચલી વહુ તરીકે નિર્મળાએ ઘણું કામ કરવાનું રહેતું. દીકરીને સાસરે વળાવતી વખતે મોક્ષદાસુંદરીએ કહેલું, 'જો તું બધાં કામ બરાબર સમયસર કરતી રહીશ તો કોઈ તને કંઈ કહેશે નહીં.' માની આ શિખામણનું તેણે પૂરેપૂરું પાલન કર્યું હતું. ઘરનાં બધાં જ કામ તે આનંદપૂર્વક કરતી.

બપોરે થોડો સમય મળતો ત્યારે આરામ કરવાને બદલે



નિર્મળા ભરતગૂંથણ કરતી, કાંતતી કે પડોશી સ્ત્રીઓને આ બધું શીખવતી. આ કારણે થોડા સમયમાં જ તે પરિવારમાં અને પડોશમાં સહુની પ્રિય બની ગઈ.

દેરાણી અને જેઠાણી બંને કામચોર હતાં. તેઓ યુક્તિપૂર્વક નિર્મળા પાસે વધુ કામ કરાવતાં. નિર્મળા અબુધ ન હતી. તે બધું સમજતી પણ મોટું મન રાખી સઘળાં કામ કરતી. તેને કામનો કંટાળો ક્યારેય આવતો નહીં.

નિર્મળા ક્યારેય કોઈ ફરિયાદ કરતી નહીં કે ન કશી માગણી કરતી. કોઈપણ કામની તે ના પાડતી નહીં. જાતને ભૂંસીને સર્વેની સાનંદ સેવા કરવી એ જ આ સમયે કુળવધૂ તરીકે તેની સાધના હતી.

આ સાધના સરળ ન હતી; કેમકે પતિ દૂર હતા, પાછા બેકાર હતા. તેથી નિર્મળાએ તો અન્યના આશ્રયે જ રહેવાનું હતું.

નિર્મળા બહુ ઓછું બોલતી. તેની જરૂરિયાતો સાવ ઓછી હતી. બધો વખત તે કામમાં જ ખૂંપેલી રહેતી. પતરાંના રસોડામાં બેસી ઉનાળાની ગરમીમાં પણ તેણે ચૂલાના અગ્નિ પાસે બેસી સવાર-બપોર-સાંજ બાર-પંદર માણસોની રસોઈ કરવી પડતી.

ઘરનાં બધાં જમી રહે પછી આ અન્નપૂર્ણા રસોડામાં જ એકલી બેસી ચૂપચાપ જમી લેતી. જે કંઈ ખાવાનું વધ્યું હોય તે તેને ભાગે આવતું. ક્યારેક શાક ન હોય તો ક્યારેક દાળ ન હોય, પણ તે કોઈને કશી ફરિયાદ કર્યા વગર ખાઈ લેતી.

એક દિવસ બપોરે રસોડામાં તે જમતી હતી ત્યારે તેનાં જેઠાણી ઓચિંતા કોઈ કામે રસોડામાં આવ્યાં. તેમણે જોયું કે નિર્મળાની થાળીમાં એકલો ભાત જ હતો. તેમણે પૂછ્યું, ''અરે, સેજ દી, કેમ એકલો ભાત જ ખાય છે ? દાળ, શાક કંઈ જ નથી.''

નિર્મળા નીચું જોઈ બેસી રહી, કંઈ બોલી નહીં, પરંતુ જેઠાણી બધું સમજી ગયાં. તેમને એ પણ ખ્યાલ આવી ગયો કે આવું તો અવારનવાર બને છે. તેમને ખૂબ લાગી આવ્યું. તેમણે તરત કહ્યું, 'કાલથી હું પણ તારી સાથે જ જમવા બેસીશ.' એ પછી જેઠાણી જમવાની બાબતમાં તેનું ધ્યાન રાખવા લાગ્યાં.

સહુની સેવા કરવામાં નિર્મળાને પોતાના શરીરનો ખ્યાલ રાખવાનો સમય પણ મળતો નહીં. પરિણામે તેના શરીરને ઘણીવાર સહન કરવું પડતું. તે દિવસોમાં જેઠાણીને ખૂજલીનું દર્દ થયું હતું. તેઓ નિર્મળાને ખંજવાળવાનું કહેતાં. કામમાંથી સમય મળે ત્યારે નિર્મળા જેઠાણીને ખંજવાળતી. રોગ ચેપી છે એની એને ખબર હતી. આ રીતે ખંજવાળ્યા પછી હાથ સાબુ વડે ધોવા જોઈએ એ પણ તે જાણતી હતી છતાં તે હાથ ધોતી ન હતી, કેમ કે એમ કરવાથી કદાચ જેઠાણીને એમ લાગે કે આને ખંજવાળવાની સૂગ છે ! આવી ગેરસમજ ન થાય એ માટે તે હાથ ધોવાની દરકારક કરતી નહીં. પરિણામે તેને ચેપ લાગ્યો.

આ ઉપરાંત નિર્મળાને દિવસમાં ઘણો બધો સમય પાણીમાં કામ કરવાનું હોવાથી તેનાં આંગળાં ફુગાઈ ગયાં હતાં અને પગમાં પણ ચીરા (વાઢિયા) પડ્યા હતા. તેને પીડા થતી હતી



છતાં તેણે તેની વાત ઘરમાં કોઈને કરી ન હતી.

એક દિવસ જેઠાણીના મોટા પુત્ર કાલીપદને ભૂખ લાગી એટલે તેની માએ નિર્મળાને ખાવા આપવા કહ્યું. તે ખાવા આપવા ગઈ ત્યારે કાલીપદની નજર કાકીમાના હાથનાં આંગળાં તરફ ગઈ. તેણે તરત માને કહ્યું, 'હું કાકીમા ના હાથે આપેલું નહીં ખાઉં. જો તો ખરી, એમનાં આંગળાં કેવાં સડી ગયાં છે !'

જેઠાણીએ દેરાણીના હાથ સામે જોયું તો સાચે જ આંગળીઓમાં છાલાં પડી ગયાં હતાં. પછી પગ સામે જોયું તો ત્યાં પણ મોટા વાઢિયા પડ્યા હતાં. તેણે નિર્મળાને ઠપકો આપતાં કહ્યું, 'આટલું બધું વધી ગયું તોય કેમ કોઈને કહેતી નથી ?' પછી તેમણે દવા કરાવી ત્યારે હાથપગનાં એ ચાંદાં મટ્યાં.

—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

ધીરજ, અપાર ધીરજ ને લગન તો ભક્ત સુરદાસનાં ! સુરદાસ મંદિરમાં લોકોની ભીડ વચ્ચે કૃષ્ણની મૂર્તિ સામે જવા ધક્કા ખાતો બોલે છે : 'મારે કૃષ્ણનાં દર્શન કરવાં છે.' એક વડીલે એ સાંભળી કહ્યું : 'અરે ! તું તો આંધળો છે. શા માટે ભીડમાં અટવાય છે ?' સુરદાસ જવાબ આપે છે : 'કેવી વાત કરો છો વડીલ ? હું ભલે ને કૃષ્ણની પ્રતિમા ન જોઈ શકું. કૃષ્ણ તો મને જોશે-જોઈ શકશે ને ?' અને શ્રીકૃષ્ણ આજીવન સુરદાસના 'ભીતરના ઝળહળતા પ્રકાશ' બનીને રહ્યા; જેમાંથી અનેક ભાવછલકતાં પદો અનાયાસે પ્રગટ્યાં.

# ।। ગંગાસતીનું જીવન અને કવન ।।

મધ્યકાલીન યુગમાં અનેક સંતભક્ત કવિઓએ પોતાનાં પદ, ભજન અને આખ્યાન જેવી રચનાઓ દ્વારા ધર્મની જ્યોતિ પ્રસરાવી. મહામાર્ગ, નાથયોગ કે સગુણ–નિર્ગુણનાં ઉપાસક સંતકવિઓએ પોતાના સર્જનમાં પોતે આરાધેલ માર્ગને દર્શાવ્યો. સૌરાષ્ટ્રના સંતો જુદી જુદી પરંપરાને અનુસર્યા છે. કોઇ કબીરપંથી તો કોઇ ગોરખપંથી બન્યા છે. ઈશ્વરને પ્રાપ્ત કરવાનાં જ્ઞાન, ભક્તિ અને યોગ આ ત્રણેય માર્ગનો ત્રિવેણી સંગમ સૌરાષ્ટ્રના સંતોની વાણીમાં જોવા મળે છે. આ સંતપરંપરામાં સાધના કરનાર માત્ર પુરુષો જ ન હતા. કેટલીક તેજસ્વી સ્ત્રીઓએ પણ આ સાધનાનો માર્ગ અપનાવ્યો છે. આમાં મહામાર્ગને અનુસરનાર સ્ત્રીઓની સંખ્યા વિશેષ છે.

ગંગાસતી તેમની વિશિષ્ટ સર્જન પ્રતિભાને કારણે સ્ત્રીસંતોમાં આગવું સ્થાન ધરાવે છે. તેમનાં જીવનની આછી રૂપરેખા જોઇએ તો, ભાવનગર જીલ્લાનાં રાજપરા ગામમાં ગંગાસતીનો જન્મ થયો હતો. પિતાનું નામ ભાઈજીભાઇ સરવૈયા અને માતાનું નામ રૂપાળીબા હતું. આજ ગામના ખવાસ હમીરભાઇ પઢિયારની પુત્રીનું નામ પાનબાઇ હતું. સરખી ધાર્મિકવૃત્તિવાળા હોઇ ગંગાસતી અને પાનબાઇ વચ્ચે બહેનપણાનો સંબંધ વિકસીત થયો હતો. ભાવનગર જિલ્લાના સમઢિયાળા ગામના ભગત કહળસંગબાપુ સાથે તેમના વિવાહ ઇ. સ. ૧૮૬૪ માં થયા. તે સમયના રિવાજ પ્રમાણે ગંગાસતીને મદદરૂપ થવા દાસી તરીકે પાનબાઇ સમઢિયાળા ગયાં. ધાર્મિક વૃત્તિવાળા એ દંપતીના સાંસારિક વ્યવહારની



સાથોસાથ પારલૌકિક વિકાસનું ભાથું પણ બંધાતુ જતું. ઘરના કામકાજ પતાવી બન્ને જણાં ભજન-કિર્તન, સંતોની સેવા કરતા અલખની ધૂણી ધખાવતાં.

કરુણા અને દયાના સાગર કહળસંગ ભગતથી ક્યારેક ચમત્કાર થઇ જતા, ગંગાસતી ટકોર પણ કરતાં. સાચા સંતો ચમત્કારથી દૂર રહે છે. ભગતબાપુથી એકવાર ઈશ્વરની મશ્કરી કરતાં યુવાનોને પાઠ ભણાવવા ‘ચમત્કાર’ થઇ ગયો. ગાય સજીવન થઇ. પછી ભગતને દુઃખ થયું; ‘મેં ક્યાં ભગવાનની બાજી હાથમાં લીધી ?’ તુરત જ સમાધિ લેવાનું નક્કી કરે છે. ગંગાબાને નિર્ણય જણાવે છે. ગંગાસતી પણ સાથે પ્રયાણ કરવાનું કહે છે. પણ કહળસંગ ભગત કહે છે કે, ‘આપણને જે આત્મજ્ઞાન લાધ્યું છે તેમાં પાનબાઇને થોડીક વાર છે. પાનબાઇએ જીવન આખી આપણી સેવા કરી છે. એને અધવચ્ચે ન છોડાય. પાનબાઇને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ કરાવી તમે સમાધિ લો.’ પતિની ઈચ્છાનો ગંગાસતી સ્વીકાર કરે છે. ૨૧ જાન્યુઆરી ૧૮૯૪ શરદપૂર્ણિમાના દિવસે શ્રી કહળસંગ ભગત મહાસમાધિ લે છે. તેમના આદેશોનું પાલન કરતાં બાવન દિવસમાં બાવન ભજનોની રચના કરી ગંગાસતી પાનબાઇને પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે. તારીખ ૧૫ મી માર્ચ ૧૮૯૪ ના રોજ પૂર્ણ સમાધિ દ્વારા ગંગાસતી દેહત્યાગ કરે છે. ગુરુ ગંગાસતીની સમાધિ પછી પાનબાઇએ ત્રણ ભજનોની રચના કરી, ચોથે દિવસે ફાગણ સુદ ૧૩ ને સોમવારે ૧૯ મી માર્ચ ૧૮૯૪ ના રોજ શ્રી પાનબાઇએ મહાસમાધિ લીધી. આમ, ત્રણ ઉચ્ચકોટિનાં સાધકોએ એ જ પવિત્ર ભૂમિમાં મહાસમાધિ લીધી. સંસારમાં રહીને, વ્યવહારો કરતાં કરતાં ઈશ્વર સાથે

અનુસંધાન કેળવી જ્ઞાન, ભક્તિ, યોગ ત્રણેય માર્ગની અનુભૂતિ કરી. પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ કરી. આવાં તપસ્વિની ગંગાસતીના પ્રસિદ્ધ ભજન 'મન નો ડગે' વિશે થોડીક વાત કરીએ.

'મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે,
વિપદ પડે પણ વણસે નહિ,
ઈતો હરિજનનાં પરમાણ રે. મેરુ રે૦
ભાઈ રે ! હરખ ને શોકની ના'વે જેને હેડકીને
શીશ તો કર્યા કુરબાન રે,
સતગુરુના વચનમાં શૂરા થઈ ચાલે,
જેણે મેલ્યાં અંતરના માન રે. મેરુ રે૦
ભાઈ રે ! નિત્ય રે'વું સતસંગમાં ને
જેને આઠે પો'ર આનંદ રે,
સંકલ્પ વિકલ્પ એકે નહિ ઉરમાં,
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે. મેરુ રે૦
ભાઈ રે ! ભગતી કરો તો એવી રીતે કરજો પાનબાઈ,
રાખજો વચનુંમાં વિશવાસ રે,
ગંગાસતી એમ બોલિયાં રે,
તમે થાજો સતગુરુજીનાં દાસ રે. મેરુ રે૦'

ગંગાસતીનાં પ્રખ્યાત ભજનોમાંનું આ એક ભજન છે. જેમાં ઉચ્ચકક્ષાએ પહોંચેલા સાધકનાં લક્ષણોમાં દર્શાવ્યું છે. અચળ એવો મેરુપર્વત ડગી જાય છે, કે બ્રહ્માંડ ધણધણી ઊઠે પણ સાચા હરિજનનું મન કદી ચલિત થતું નથી. જીવનમાં કોઈપણ પરિસ્થિતિમાંથી પસાર થવું પડે પણ સાધકનું ચિત્ત વિચલિત



થતું નથી. કોઈપણ પ્રકારનો ફેરફાર કે વિકાર જેનાં મનમાં આવતો નથી તે જ સાચા સંતનું પ્રમાણ. 'મેરુ' એટલે સુવર્ણમય અડગ પર્વત, બીજું 'મેરુ' એટલે માળાનો મુખ્ય મણકો, ત્રીજું 'મેરુ' એટલે મેરુદંડ. કરોડરજ્જુનો છેલ્લો મણકો. 'કુંડલિની મહાશક્તિ જ્યાં ગુચળું વાળીને બિરાજે છે. આ મેરુદંડને સ્થિર રાખવાનો છે, ચિત્તની સ્થિરતા એ સાધનાનું પાયાનું પગથિયું છે. મનને બહિર્મુખ વૃત્તિમાંથી અંતર્મુખ કરવાથી આત્મોદયની વૃત્તિ જન્મે છે. એ વૃત્તિ જ સ્થિતપ્રજ્ઞતાની ભૂમિકા સર્જે છે. સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરનારું મન કોઈપણ સંજોગોમાં કે પરિસ્થિતિમાં વિચલિત થતું નથી.

અધ્યાત્મયાત્રામાં વિપદગ્રસ્ત પરિબળો સાધકની સ્થિરતા ડગાવવા હુમલા કરતા હોય છે. ભલેને સમગ્ર વિશ્વ વિરોધમાં ખડું થઈ જાય તો પણ સમય કે સંજોગોમાં હરિજનનાં મન લેશ માત્ર ડગતાં નથી. ભક્ત નરસૈયો કહે છે ને કે

'એવા રે અમે એવા તમે કહો છો તેવા રે.
ભક્તિ કરતા ભ્રષ્ટ જ કહેશો તો કરશું દામોદરની સેવા.'

નરસિંહની નાગરી નાત છોડે છે, મીરા મેવાડને છોડે છે. ભક્તોની ક્યાં કસોટી થતી નથી ? પણ કૃષ્ણ પ્રત્યેના પ્રેમ, અખૂટ વિશ્વાસને તેમની પરિસ્થિતિઓ હરાવી નથી શકતી.

સંત–ભક્તોનો આ અડગ વિશ્વાસ, અચળ શ્રદ્ધા જ તેમને અધ્યાત્મપથ પર આગળ લાવે છે. પરિસ્થિતિઓ તેમને ગુલામ નથી કરી શકતી, ચોક્કસ પરિસ્થિતિ તેમની ગુલામ થાય છે. એ જ સાચા સંતનું પ્રમાણ છે.

—નીપા ભટ્ટ

# ॥ કેવળ પ્રભુ ॥

પ્રભુપ્રેમની પ્રાપ્તિમાં મનુષ્યજીવનનું સાર્થક્ય છે. કારણ કે પ્રભુ આપણા અસ્તિત્વનો—સમગ્ર જીવનનો મૂળ સ્રોત છે. મનુષ્ય શરીર અને મનથી ભલે ભૌતિક જગત સંવેદતો હોય, પણ નથી એ શરીર કે નથી મન. તેનું સ્વરૂપ ચૈતન્ય છે, એ અ-મર આત્મા છે. આ મૂળ સ્રોત તરફ પાછા નહીં વળીએ ત્યાં સુધી વિશ્વભરનું આપણું ભ્રમણ નિરર્થક જશે.

અનંત સાથેનો સંબંધ સક્રિય કરવા આપણે અવિરત પ્રયત્ન કરવો પડશે. એક જ વિચાર; 'તમે મારા પ્રભુ, મારા પ્રેમ કેવળ તમે, ફક્ત તમે જ એક માત્ર સત્ય છો.'

પ્રભુને બહાર રાખવાને બદલે આપણે જે કંઈ કરીએ. ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં, કામ કરતાં-આપણા પ્રિયજનોને ચાહતી વેળા આપણે પરમાત્માનો 'વૈશ્વિક પ્રિયતમ' તરીકે હંમેશ વિચાર કરવો જોઈએ.

દુનિયા ને દુન્યવી પદાર્થોને ત્યજી, બર્હિમુખ મટી, અંતર્મુખ થઈ જપ-ધ્યાન-પ્રાર્થનાને દિવ્યસેતુ બનાવી, ઈશ્વર સાથે ઐક્ય અનુભવવાનું છે. આ વિશ્વમાં અપરિવર્તનશીલ અને શાશ્વત વસ્તુ એક ઈશ્વર જ છે. તેથી ધ્યાનમાં 'હું આત્મા છું. પરમાત્મા સાથે છું' એવું દૃઢ થતાં (પ્રભુના આપણે અંશ છીએ) દિવ્ય વારસો છીએ એવું અનુભવાય છે.

પ્રભુ પર એકાગ્રતા આવી, એનામાં મગ્ન રહ્યા કે, આપણાં બધાં જ કર્તવ્યો-પ્રવૃત્તિઓ એ જ અદા કરશે. આપણું આખું



જીવન 'આધ્યાત્મિક અનુભૂતિ' બની જાય છે. પ્રભુસભાનતાની ભૂમિકાથી જે કદી નીચે ન ઊતરે એનું સઘળું પ્રભુ સુપેરે સંભાળી લે છે. અંદર પારાવાર શાંતિ અનુભવાય જ્યારે મન-હૃદય એ સંબંધ સાથે સ્થિર થઈ જાય. બીજા સર્વ સંબંધો પણ વધારે પવિત્ર અને મધુર થઈ જાય.

હે પ્રભુ ! તમે જ કર્તા-હર્તા. મને તમારું મનપસંદ ઉપકરણ બનાવો. સમસ્ત જીવન જ એને સમર્પિત થઈ જાય પછી પ્રાર્થના કરવાની પણ જરૂર નહીં રહે. ભલે બધું એની ઇચ્છા પ્રમાણે એ કરે ! પછી પ્રભુની જેમ જ 'શાંત સક્રિયતા' અને 'સક્રિય શાંતિ' એવી અનુભવી શકાશે કે જાણે તમે સમતાની રાજગાદી પર પ્રતિષ્ઠિત શાંતિના સમ્રાટ ! પ્રભુ સાથે એકત્વ સાધી એમને બાળકવત્ પ્રેમ કરો-પૂરા હૃદયથી. તમારે પ્રભુ જ જોઈએ એવું સાબિત કરો પછી પ્રભુ તો તમને ચાહે જ છે, ઝંખે જ છે.

સાચા ગુરુ આપણામાં પ્રભુ પ્રત્યેનો સાચો પ્રેમ જગાડે છે. ભક્તિ પ્રભુપ્રીતિનો સરળતમ રસ્તો. 'હું કેવળ પ્રભુને પ્રેમ કરવા ચાહું છું અને એનો પ્રેમ અનુભવવા ચાહું છું. બસ. મારું સ્વ-રૂપ પ્રેમ છે એ પ્રતીત કરવા જ ધ્યાન-જપ-સાધના-સમર્પણ-અધ્યાત્મ.' કર્તવ્ય-ફરજ બીજે ક્રમે આવે. પ્રભુ સાથે ઐક્ય એ જ આત્મસાક્ષાત્કાર !

પ્રભુનો દિવ્ય પ્રેમ જે ચમક આપે છે તે કોઈ દુન્યવી સુખ-સત્તા-કીર્તિ-દ્રવ્ય આપી શકતું નથી. જીવનમાં પ્રભુને પૂરેપૂરા પ્રગટવાનો અવસર આપો. બીજું સઘળું પાછળ છોડી દઈ શાશ્વતમાં ડૂબકી લગાવો. જે સર્વોત્તમ છે તે જ ગ્રહો. જેવા

ભીતર વળશો કે, જે હંમેશાં આપણી સાથે છાની રીતે છે તે શાશ્વત પ્રેમાળ-પ્રસન્ન સાથીને પામી જ લઈશું.

પ્રભુને સેવવાથી, દિવ્ય પ્રેમને લક્ષ્ય કરવાથી એ આપણામાં રહેલું સર્વોત્તમ આવિષ્કૃત કરે છે. આપણા જીવનનું મહત્તમ કર્તવ્ય જ પ્રભુપ્રેમને શોધી અન્યના હૃદયોમાં એ પ્રેમ જાગૃત કરવાનું છે.

—દયામાતા (અનુવાદ)

દિવ્ય વાણીના ઉદ્‌ગાતા : શ્રીરંગ અવધૂત

'કોઈપણ કાર્ય એવું ન કરો જેનાથી કોઈનું અહિત થાય, ને જે ઈશ્વરના સાંનિધ્યમાં ન કરી શકાય. આપણે ઈશ્વરને જોઈ શકતા નથી પણ એ આપણને જુએ છે. આપણે જે ધરતી ઉપર ઊભા રહી કર્મ કરીએ છીએ, જે આકાશ નીચે મનસૂબા ઘડીએ છીએ, જે હવામાં હાલચાલ કરીએ છીએ; તે ધરતી, તે આકાશ, તે હવા આપણા કર્મની સાક્ષી છે, ને ઈશ્વરની પાસે આપણી વિરુદ્ધ કે તરફેણમાં સૂર ઊઠાવે છે. માટે એક ડગ એવું ન ભરો કે જેથી એની વિશ્વમાંગલ્યની યોજનામાં વિક્ષોભ થાય. એવો એક પણ શ્વાસ ન લો જેથી એની વિશ્વોત્ક્રાંતિની ગતિમાં અવરોધ પેદા થાય. એવો એક પણ સંકલ્પ ન સેવો કે જેથી એની વિશ્વકલ્યાણની અખંડ ધારામાં વમળ ઉત્પન્ન થાય ! જે કરો તે પ્રભુને સાથે રાખીને કરો.'



# ॥ એક ઝેનકથા ॥

એક મહાત્મા વૃદ્ધ થયા. મૃત્યુને આરે હતા ત્યારે રડવા લાગ્યા. પાસે બેઠેલા શિષ્યોને લાગ્યું કે, તેમને મૃત્યુનો ડર લાગે છે તે કારણે રડે છે.

રાતે એકાંતમાં એક શિષ્યે મહાત્માને રડવાનું કારણ પૂછ્યું; તેના જવાબમાં તેમણે કહ્યું કે :

'મને મૃત્યુનો ભય નથી. હું તેનાથી ડરતો નથી. પરંતુ પ્રભુના દરબારમાં હું ઊભો રહીશ ત્યારે મને જે સવાલો પૂછશે તેનાથી હું ગભરાઉં છું.' પ્રભુ ચોક્કસ મને પહેલો પ્રશ્ન એ જ કરશે કે, 'તું પયગંબર જેવો કેમ ના થયો ?' ત્યારે હું જવાબ આપીશ કે 'તમે મને પયગંબર જેવો બનાવ્યો નહીં માટે.' પછી મને પ્રભુ પૂછશે કે, 'તું બુદ્ધ જેવો કેમ ન બન્યો ?' ત્યારે હું જવાબ આપીશ કે, 'તમે મને બુદ્ધ જેવો ઘડ્યો નહીં તે માટે.' ત્યાં સુધી તો વાત ઠીક છે.

પરંતુ જો પ્રભુ મને એવો પ્રશ્ન પૂછશે કે, 'તું તારા જેવો જ કેમ ના બન્યો ? મેં તને ઘડ્યો હતો તેવો જ કેમ ના થયો ? મેં તો તને એટલા માટે જ પૃથ્વી ઉપર મોકલ્યો હતો ! તે વખતે હું પ્રભુને શો જવાબ આપીશ ? તે મને સમજાતું નથી. તેને લઈને હું આટલો બધો વિહ્વળ બન્યો છું.

મારી આખીયે જિંદગીમાં મેં મહાન અવતાર અને સિદ્ધ મહાત્મા જેવા બનવા અથાગ પ્રયત્નો કર્યા છે; પરંતુ હું મારા

જેવો, મારા મૂળ સ્વભાવ અને પ્રકૃતિ જેવો ક્યારેય બન્યો નહીં. આજ સુધી ભીતરમાં જોયું જ નહીં. મારી પોતાની જાતને ઓળખી નહીં. આત્માને ઓળખવા પ્રયાસ કર્યો જ નહીં. હંમેશાં બહારનું જ અનુસરણ કર્યું.

સ્વધર્મ ચૂક્યો (આત્મસ્વરૂપની અભિજ્ઞા કરી જ નહીં) તેથી પ્રભુની સમક્ષ હાજર થવાની વેળાએ મને અફસોસ થાય છે.'

–સંકલન : નીલરત્ન દેસાઈ

## BE AS YOU ARE

(તમારી સહજ અવસ્થામાં રહો)

'કોઈ એવું લક્ષ્ય નથી જેને પહોંચી શકાય. કોઈ વસ્તુ મેળવવાની નથી. તમે આત્મા છો. તમારું અસ્તિત્વ હંમેશાં રહે છે, એનાથી વધારે એને વિશે કશું કહી શકાય નહીં. આત્માને એટલે કે ઈશ્વરને જોવાનો અર્થ આત્મા કે જે તમે પોતે છો, એ રૂપે રહેવું એ છે.

આત્મા હોવા છતાં તમે આત્મા સુધી કેવી રીતે પહોંચી શકાય એમ પૂછો છો. આ વાત એવી છે કે જેમ કોઈ રમણાશ્રમમાં રહીને પૂછે કે, રમણાશ્રમ પહોંચવાના કેટલા રસ્તા છે, અને એ બધામાંથી મારા માટે કયો શ્રેષ્ઠ છે!'

–શ્રી રમણ મહર્ષિ



# OM MAA

It was your will that brought me
to this amazing world and life.
It was your will that I have the allergies
that protect me from temptations.
And it was by your will that I have lived
under your care and protection,
these past twelve happy years.
It was your will to have brought me
to be the person I am right now.
As the carpenter carves wood.
You have carved me
into the pious child of God
I am today.
You have helped me along the way so much
I have made so many mistakes in my life,
I regret each and everyone
and I ask for your forgiveness.
When I was young I did not focus much
but you fixed that
by instilling my love of books,
When I was young I got bored easily
you fixed that
by instilling my love of music,
When I was young I did not study
you fixed that
by instilling the drive to score high.
In other words, you are my Real Mother.
Happy Mother's Day !
Your first and Moksh D. favorite lion

–MOKSH DESAI

# ॥ સમીક્ષા ॥

આ વિરલ કાવ્યકૃતિનો કર્તા મોક્ષ જ્યારે ચાર વર્ષનો હતો ત્યારે તેણે મંદિરમાં માતાજીની મૂર્તિ જોઈને, પૂજ્ય 'મા'ને પૂછ્યું : 'મા' તમારો સિંહ ક્યાં છે ? પૂ.'મા'એ કહ્યું : 'તું મારો સિંહ છે.' બસ ત્યારથી તે પોતાને પૂ.'મા'નો 'એક-અદ્વિતીય વહાલો સિંહ' માને છે.

આ પૃથ્વી પર પગલાં માંડતાં-પહેલાં જે પૂ.'મા'ના પ્રેમને પોતાની મમ્મીની આપન્નસત્ત્વા અવસ્થાથી અનુભવવા બડભાગી બનેલો એ મોક્ષ પોતાના બાર વર્ષના આયુષ્યની પ્રત્યેક પલટાતી પળે 'મા'ના પ્રેમનો નિખાર-વિસ્તાર વધારે ને વધારે અનુભવી એવો ધન્ય બન્યો છે કે, 'તમે જ મારાં સાચાં 'મા' છો.' એ પ્રતીતિની ટોચ પર આખા કાવ્યને લઈ જવા, જાણે શબ્દોની સફર યોજે છે.

કાવ્યના આરંભમાં પોતાની 'નાનકડી આપવીતી' આપતાં મોક્ષ કહે છે : ''મા' હું તમારી ઈચ્છાથી જ આ અજબ વિશ્વ-ગજબ જીવનમાં લાવવામાં આવ્યો છું. મને એલર્જી થઈ પણ તમારી ઈચ્છાથી જ હું લાલચોથી રક્ષાયો છું. છેલ્લાં બાર-બાર વર્ષથી સતત તમારી સારસંભાળથી પરવરિશ પામ્યો છું. આજે હું જે કંઈ છું એ તમારા વરદાનનું રૂપ છે. જેવી રીતે કોઈ શિલ્પી શિલ્પને કંડારે એમ તમે મને 'પ્રભુના પવિત્ર બાળકરૂપે.' કંડાર્યો છે. જીવનની આખી વાટે તમે સહાય કરી છે.'



પૂ.'મા'ની 'અનહદ કૃપાનું ચિત્ર' આપ્યા પછી મોક્ષ 'પોતાની હદ-મર્યાદા' વિનમ્રભાવે દર્શાવતાં કહે છે : 'મેં મારા જીવનમાં ઘણી ભૂલો કરી છે, એ માટે મને અફસોસ છે; તમારી ક્ષમા ચાહું છું.'

હું નાનો હતો ત્યારે મને ખાસ રસ ન હતો પણ તમે પુસ્તકો માટે રસ જગાડ્યો છે. કંટાળો મને બહુ જલ્દી આવી જતો, તમે સંગીતમાં રસ લેતો કર્યો-સ્થિર કર્યો. મારી અભ્યાસ પરત્વેની બેપરવાઈને તમે ઉન્નતિની દિશામાં જવા પ્રેરી છે.

આમ, 'મા'ના પ્રખર પ્રેમથી પોતાની તમામ મર્યાદાઓ-અધૂરપોને મધુરપમાં ફેરવાઈ જતી અનુભવી છેલ્લે કવિરાજ મોક્ષ બધું આટોપી લેતાં કહે છે : 'તમે મારાં સાચાં 'મા' છો' અર્થાત્ 'જીવન-મર્મદાતા છો.'

છેક છેલ્લે, કાવ્યના કર્તાની 'સહી' હોય એમ 'તમારો પ્રથમ પ્રિય સિંહ પંક્તિ 'મોક્ષ ડી.' સાથે કાવ્ય સમાપ્ત થાય છે.

પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરીને ઉદ્દેશીને લખાયેલું, મોક્ષનું આ 'ૐ મા' કાવ્ય એક બાળકના પારદર્શક-સ્વચ્છ આત્મદર્પણમાં ઝીલાયેલું 'મા'નું એવું સ્નેહસ્વરૂપ છે, જેમાં પ્રભુશ્રદ્ધાની સમાંતરે આત્મશ્રદ્ધા ઝળહળતી અનુભવાય છે.

ધન્યવાદ મોક્ષ ! પૂ.'મા'ના આશીર્વાદથી મઢાયેલી તારી કલમ ઉત્તરોત્તર આવી જ રીતે 'મા' મુખી-પ્રભુમુખી-આત્મમુખી રહે. એ જ અમ 'અધ્યાત્મ' વાચકોની શુભેચ્છા એવમ્ પ્રભુપ્રાર્થના.

# ।। સત્સંગી જયશ્રીબહેનનો દેહવિલય ।।

કેટલાક ભક્તો અરણ્યપુષ્પસમાં હોય છે જે પોતાના એકાન્તમાં પ્રગટી-ખીલી-વિલય પામે છે. જયશ્રીબહેન આવાં શાન્ત, સૌમ્ય, અંતર્મુખી સત્સંગી હતાં. એટલે જ પરમ પૂજ્ય 'મા'એ કહ્યું; 'પ્રભુએ એમને ફૂલની જેમ ઊંચકી લીધાં.' તા.૧૭ મેની રાત્રે આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ જોતાં-જોતાં જ એમનાં નેત્રો નિમિલિત થઈ ગયાં. તા.૨૦ ફેબ્રુ. ૧૯૩૮માં જન્મેલાં જયશ્રીબહેન ૮૦ વર્ષની ઇનિંગ્સ પૂરી કરી, 'દેખીતી રીતે, દુનિયામાંથી 'આઉટ' થઈ ગયાં' પણ હકીકતમાં 'ઈન'-પ્રભુમય થઈ ગયાં.

પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના અનન્ય ભક્ત શ્રી બાબુભાઈ વ્હોરાનાં સુપુત્રી જયશ્રીબહેન ૩૬ વર્ષ સચિવાલયના 'ઇન્ડસ્ટ્રી એન્ડ માઈન્સ' વિભાગમાં કાર્યરત રહી, નિયમિતતા, નિષ્ઠા અને કૌશલનું પ્રમાણ બની રહ્યાં.

સરકારી નોકરીની શુષ્કતાએ એમનો સંગીતપ્રેમ આછો-ઓછો નહોતો કર્યો. શ્રી મૃદુલાબહેન પરીખ સાથે કેટલાંય લગ્નગીતો તેમજ નવરાત્રિના ગરબાઓમાં તેમનો સ્વર ગુંજતો રહ્યો. અમદાવાદની પ્રસિદ્ધ 'શ્રુતિ' સંસ્થાના તેઓશ્રી સંસ્થાપક હતા. આકાશવાણી પરથી પ્રસારિત સુગમસંગીતના કેટલાય કાર્યક્રમોમાં તેમનો મધુર સ્વર છલકતો રહ્યો. સૌથી વિશેષ તો 'સ્વર્ગારોહણ'માં પરમ પૂજ્ય 'મા'ની સ્નેહસંનિધિમાં એમનાં ઘણાં ભજનો માણવા ઘણા સત્સંગીઓ સદ્‌ભાગી બન્યા.

'સત્યપથ' તેમજ 'સ્વર્ગારોહણ'ના બધા અવસરોમાં તેમની અચૂક, મૂક ઉપસ્થિતિ તેમના ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ



પૂ.'મા' માટેની અનન્ય શ્રદ્ધા-ભક્તિભાવની સૂચક હતી.

હમણાં તાજેતરમાં જ પૂ.'મા'ના વિદેશગમનની તારીખ નજીક આવતી હતી. જયશ્રીબહેનનું સ્વાસ્થ્ય કથળેલું હોવા છતાં તેમણે પૂ.'મા'નાં દર્શન માટે એવી ભાવવિહ્‌વલતા અનુભવી કે, પ્રભુને એમને 'સ્વર્ગારોહણ' લઈ જવાની વ્યવસ્થા એક સત્સંગીની સહજ કરુણાસ્ફુરણારૂપે કરવી જ પડી !

એક મહિના અગાઉ જ જયશ્રીબહેને ટૉરેન્ટો રહેતા વહાલા ખંજન-શર્વિલ-ઊર્વિલને પોતાની સ્નેહભેટ ચેકરૂપે મોકલાવેલી. દાદાજીએ (બાબુભાઈએ) આપેલું શિવલિંગ પણ શર્વિલને સોંપી દીધેલું. શ્રી ગૌરાંગભાઈ-ભવ્યાંગભાઈ તેમજ ભાભીઓનો-ભત્રીજા-ભત્રીજીનો પ્રેમભાવ પામેલાં જયશ્રીબહેને કેનેડા વિરાગભાઈને ફોન કરી, પોતાની એસીડીટીની વાત કરેલી, ત્યારે 'તમે 'મા'ની જેમ બધાંને આઈસ્ક્રીમ ખવડાવો એટલે તમારી એસીડીટી ઓછી થઈ જશે.' અને જયશ્રીબહેન અંબાજીમાં બધાંને આઈસ્ક્રીમ ખવડાવી, 'એસીડીટી'માંથી જ નહીં, જીવનરોગથી જાણે મુક્ત થઈ ગયાં! પણ જતાં જતાં સ્મરણની મધુરતા રેલાવતાં ગયાં.

પૂ.'મા'માં અમીટ શ્રદ્ધા ધરાવનાર શ્રી જયશ્રીબહેનને સર્વ સત્સંગી ભાઈ-બહેનોની સ્મૃતિવંદના !

શાન્તિમંત્ર

**ૐ પૂર્ણ છે તે, પૂર્ણ છે આ, પૂર્ણથી પૂર્ણ નીકળે**
**પૂર્ણમાંથી પૂર્ણ લેતાં રહે, પૂર્ણ જ શેષ ત્યાં.**
**ૐ શાન્તિ, શાન્તિ શાન્તિઃ !**